**આજનો સુવિચાર**

જેનું જીવન ઉપકારી નથી, તેવા જીવનને ધિક્કાર છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૪ જૂનાગઢ તા.૨૪-૦૬-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 164, Junagadh : Date : 24 Jun, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## અમેરીકામાં અંધાધુંધ ગોળીબારમાં ભારતીય યુવાનનુંમોત

વોશીંગ્ટન તા. ૨૪

અમેરીકાના અરકન્સાસમાં એક ગ્રોસરી સ્ટોરને નિશાન બનાવી ફાયરિંગ કરવામાં આવતા ૧૪ લોકોને ગોળી વાગી હતી જેમાં ૧૧ જેટલાં સ્થાનિક નાગરિકો હતા. આ ઘટનામાં આંધ્રપ્રદેશના રહેવાસી દસારી ગોપી ક્રિશ્ના નામના ભારતીય યુવકનું મોત નીપજ્યું હતું. આ હુમલામાં અન્ય ૪ લોકો ના મોત થયા છે.

બીજી બાજુ અમેરિકન રાજ્ય અલબામાની રાજધાની મોન્ટગોમેરીમાં પાર્ટી દરમિયાન અંધાધૂંધ ગોળીબારમાં ૯ લોકો ઘાયલ થયાની માહિતી સામે આવી છે. અહીં ૬૦૦થી વધુ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર દરમ્યાન ભાગદોડ અને અરાજકતામાં ૪ ઘવાયા હતા. આ સિવાય ઓહાયો રાજ્યની રાજધાની કોલંબસમાં એક શકમંદે અંધાધૂંધ ગોળીબાર કરીને ૧૦ લોકોને ઘાયલ કર્યા હતા. ન્યૂયોર્કના રોચેસ્ટર વિસ્તારના એક પાર્કમાં ગોળીબારની ઘટનામાં ૬ લોકો ઘાયલ થયા છે.

## રશિયાનાં ડર્બેન્ટ શહેરમાં આતંકી હુમલો : ૧૫નાં મોત

મોસ્કો તા. ૨૪

રશિયાના દાગિસ્તાનમાં રવિવારે (૨૩ જૂન), આતંકવાદીઓએ બે ચર્ચ, એક સિનેગોગ (યહૂદી મંદિર) અને એક પોલીસ ચોકી પર હુમલો કર્યો હતો. જેમાં એક પાદરી અને ૮ પોલીસકર્મીઓ સહિત કુલ ૯ લોકોના મોત થયા હતા. ૨૫ પોલીસ કર્મચારીઓ પણ ઘાયલ થયા છે. તે જ સમયે, ૪ આતંકવાદીઓ પણ માર્યા ગયા છે.

CNN અનુસાર, આતંકવાદીઓએ પાદરીનું ગળું કાપી નાખ્યું હતું. પાદરી ૬૬ વર્ષના હતા. જે યહૂદી ધર્મસ્થળ અને ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો તે દાગિસ્તાનના ડર્બેન્ટ શહેરમાં છે,

રશિયાની રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી સમિતિએ પણ એક નિવેદનમાં હુમલાની પુષ્ટિ કરી છે. દાગિસ્તાનના આંતરિક બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે સશસ્ત્ર હુમલાખોરોના એક જૂથે એક સિનેગોગ અને એક ચર્ચ પર ગોળીબાર કર્યો હતો.

# પ્રોટેમ સ્પીકરની નિમણુંક સાથે ૧૮મી લોકસભાનાં પ્રથમ સત્રનો પ્રારંભ

## પ્રોટેક સ્પીકરની નિમણુંકનો કોંગ્રેસ દ્વારા વિરોધ : મજબુત વિપક્ષને કારણે સમગ્ર સત્ર ઝંઝાવાતી પુરવાર થવાના સંકેતો



નવી દિલ્હી તા. ૨૪

આજથી ૧૮મી લોકસભાનાં પ્રથમ સત્રનો પ્રારંભ થયો છે આજે અને આવતીકાલે નવા સાંસદો શપથ લેશે. આ પહેલાં ભાજપ સાંસદ ભર્તૃહરિ મહતાબને સવારે ૧૦ વાગ્યે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પ્રોટેમ સ્પીકરનાં શપથ લેવડાવ્યા હતા.

બીજી તરફ કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોએ પ્રોટેમ સ્પીકરનો વિરોધ કર્યો છે. વિપક્ષનું કહેવું છે કે સરકારે નિયમોની અવગણના કરી છે અને ભર્તુહરિ મહતાબને પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ ૭ વખતનાં સાંસદ છે, જ્યારે કોંગ્રેસના કે. સુરેશ ૮ વખતનાં સાંસદ છે. નિયમો મુજબ કોંગ્રેસના સાંસદને પ્રોટેમ સ્પીકર બનાવવા જોઈતા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા સાંસદ તરીકે શપથ લીધા હતા. શપથ દરમિયાન, શાસક પક્ષના સાંસદોએ ભારત માતા કી જયના નારા લગાવ્યા હતા, જ્યારે વિપક્ષે બંધારણની નકલો હવામાં લહેરાવી હતી.

પહેલા રાષ્ટ્રગાન થયું, ત્યારબાદ ૧૭મી લોકસભાના છેલ્લા બજેટ સત્ર બાદ દિવંગત સાંસદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દરમ્યાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, અમારી ત્રીજી ટર્મમાં અમે પહેલા કરતા ત્રણ ગણી વધુ મહેનત કરીશું. અમે ત્રણ ગણું વધારે પરિણામ લાવીને રહીશું. દેશને સાંસદો પાસેથી પણ ઘણી અપેક્ષાઓ છે. હું સાંસદોને વિનંતી કરીશ કે તેનો દેશના હિતમાં ઉપયોગ કરે. જનહિતમાં દરેક શક્ય પગલાં ભરો. દેશની જનતા વિપક્ષ પાસેથી સારા પગલાની અપેક્ષા રાખે છે. અત્યાર સુધી જે નિરાશા મળી છે, વિપક્ષ આ વખતે ખરો ઉતરે ઈમરજન્સીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું- આવતીકાલે ૨૫ જૂન છે. ૫૦ વર્ષ પહેલા આ દિવસે બંધારણ પર કાળો ડાઘ લગાવવામાં આવ્યો હતો. અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરીશું કે ફરી ક્યારેય આવું ના થાય

મોદીએ કહ્યું- દેશ ચલાવવા માટે દરેકની સંમતિ જરૂરી છે. અમે બધાને સાથે લઈ જવા માંગીએ છીએ. અમે બંધારણની મર્યાદાઓનું પાલન કરીને દેશને આગળ લઈ જવા માંગીએ છીએ.

# NEET- UG ગોટાળાની તપાસ સીબીઆઈને સોંપાઈ

## ૧૦ દિવસમાં જ પાંચ મોટી પરીક્ષાઓ સ્થગીત અથવા ૨૬ કરાતા ૩૮ લાખ વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ

નવી દિલ્હી,તા. ૨૪

NEET UG સિવાય, ૪ મુખ્ય પરીક્ષાઓ પણ છેલ્લા ૧૦ દિવસમાં સ્થગિત અથવા રદ કરવામાં આવી છે, જેના કારણે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૩૮ લાખથી વધુ થઈ ગઈ છે

સતત સ્થગિત અથવા રદ કરવામાં આવતી મુખ્ય પરીક્ષાઓને લઈને કોંગ્રેસે ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ 'X' પર એક પોસ્ટમાં લખ્યું, 'દેશની કેટલીક સૌથી મોટી પરીક્ષાઓની આજે આ સ્થિતિ છે. ભાજપના શાસનમાં સમગ્ર શિક્ષણ માળખું માફિયાઓ અને ભ્રષ્ટાચારીઓને સોંપી દેવામાં આવ્યું છે. દેશનું શિક્ષણ અને બાળકોનું ભવિષ્ય લોભી અને અસમર્થ લોકોના હાથમાં છે.

NEET UG ૨૦૨૪ પેપર લીક કેસની તપાસ CBIને સોંપવામાં આવી છે. NEET ઉમેદવારો, માતાપિતા અને ઘણા કોચિંગ શિક્ષકો લાંબા સમયથી તેની માંગ કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં પણ ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમાં સીબીઆઈ તપાસની માંગનો સમાવેશ થાય છે, જેની સુનાવણી ૮ જુલાઈએ થવાની છે. આ પહેલા પણ બિહાર પોલીસના ઈકોનોમિક ઓફેન્સ યુનિટએ ૨૧ જૂન સુધીનો રિપોર્ટ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને સોંપ્યો હતો અને મોડી રાત્રે NEET પેપર લીકની તપાસની જવાબદારી CBIને સોંપવામાં આવી છે.

NEET UGના કથિત પેપર લીક, અનિયમિતતા અને તપાસના કારણે ૨૩ લાખથી વધુ ઉમેદવારો અંડરગ્રેજયુએટ મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે ચિંતિત છે. આ સંખ્યા માત્ર આટલા સુધી મર્યાદિત નથી.

# દ્વારકા, જામનગર, વલસાડમાં વરસાદનું રેડએલર્ટ

## લાલપુરમાં ધોધમાર ૨.૫ ઈંચ વરસાદ જામનગરનાં કાલાવાડમાં પુલ તુટતા સ્કુલ બસ ફસાતા ગ્રામજનોએ બાળકોનું રેસ્કયુ કર્યુ : બરવાળાનાં ચોકડી ગામે વિજળી પડતા યુવાનનું મોત

રાજકોટ તા. ૨૪

આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલો મુજબ હવામાન વિભાગે આજે રાજયનાં ત્રણ જીલ્લા દ્વારકા, વલસાડ, જામનગર અને દાદરાનગર હવેલીમાં વરસાદનું રેડએલર્ટ આપવામાં આવ્યું છે. જયારે સુરત, નવસારી, તાપી અને ડાંગ, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, ગીરસોમનાથ, અમરેલી અને બોટાદમાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સમગ્ર રાજયમાં વરસાદી માહોલ છવાયેલો છે અને આજે સવારે જામનગર જીલ્લાનાં લાલપુરમાં મેઘરાજાએ મન મુકીને વરસીને ધોધમાર ૨.૫ ઈંચ પાણી વરસાવી દીધું હતું.

રાજ્યમાં દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ ગયા બાદ હવે ધીમે ધીમે ચોમાસું આગળ વધતા રાજ્યના અન્ય ઝોનમાં પણ ધોધમાર વરસાદ વરસવાની શરૂઆત થઈ ચૂકી છે. આજે વહેલી સવારથી જ રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, છોટા ઉદેપુર સહિતમાં વરસાદ વરસ્યો છે. આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૮૪ તાલુકામાં મેઘરાજાની એન્ટ્રી થઈ છે. તો બીજી તરફ જામનગરના કાલાવડમાં પૂલ તૂટ્યો છે. જેને કારણે એક સ્કૂલ બસ અટવાઈ હતી. જેને પગલે બાળકો ફસાઈ ગયા હતા. જેથી ગ્રામજનોએ બાળકોનું રેસ્ક્યૂ કર્યુ હતું. તેમજ બરવાળા તાલુકાનાં ચોકડી ગામે વીજળી પડતાં યુવાનનું મોત થયું હતું.

# જમ્મુ -કાશ્મીરમાં એનિમી એજન્ટ એકટ લાગુ કરવા થઈ રહેલી તૈયારી

શ્રીનગર, તા.૨૪: જમ્મુ-કાશ્મીરમાં તાજેતરની આતંકવાદી ઘટનાઓને ધ્યાનમાં લેતા પોલીસ આતંકવાદીઓને મદદ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. જમ્મુ-કાશ્મીરના ડીજીપી આરઆર સ્વૈને કહ્યું કે આવા લોકો સામે કાર્યવાહી થઈ શકે છે. ડીજીપી આરઆર સ્વૈને કહ્યું કે, બહારથી આવતા આતંકવાદીઓને મદદ કરનારાઓ સામે પોલીસ કડક એનિમી એજન્ટ એક્ટ હેઠળ કાર્યવાહી કરી શકે છે. એનિમી એજન્ટ એક્ટ યુએપીએ કરતાં વધુ આકરો છે. તેમણે કહ્યું, એનિમી એજન્ટ એક્ટ હેઠળ આજીવન કેદ અથવા મૃત્યુદંડની જોગવાઈ છે. કઠુઆ આતંકી ઘટનાની તપાસ રાજ્યની તપાસ એજન્સી કરી રહી છે જ્યારે રિયાસી આતંકી હુમલાની તપાસ NIAને સોંપવામાં આવી છે. આતંકવાદી સહયોગી પકડાયો : થોડા દિવસો પહેલા જમ્મુ-કાશ્મીર પોલીસને રિયાસી જિલ્લામાં તીર્થયાત્રીઓને લઈ જતી બસ પર આતંકવાદી હુમલાના મામલામાં પહેલી સફળતા મળી હતી. પોલીસે આતંકીઓના એક સહયોગીની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓએ ઘણી વખત આતંકવાદીઓને આશ્રય આપ્યો હતો અને તેમના માર્ગદર્શક તરીકે કામ કર્યું હતું.

# પેટ્રોલ - ડીઝલ જીએસટીનાં દાયરામાં સમાવાશે તો રૂા.૨૦નો ઘટાડો શકય

નવી દિલ્હી,તા. ૨૪: પેટ્રોલ-ડીઝલને લાંબા સમયથી જીએસટી હેઠળ લાવવાની માંગ કરવામાં આવી રહી છે. જો તેમ થશે તા દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં મોટો ઘટાડો થઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે યોજાયેલી જીએસટી કાઉન્સીલની બેઠક બાદ મીડિયા સાથે વાતચીતમાં એક સવાલના જવાબમાં કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલને ગુડ્સ એન્ડ સર્વિસ હેઠળ લાવવા ઈચ્છે છે. હવે રાજયોએ તે વિશે નિર્ણય લેવાનો છે અને તે સાથે આવી દર નક્કી કરે.

હકીકતમાં પેટ્રોલ અને ડીઝલ પર કેન્દ્ર સરકાર તરફથી એક્સાઈઝ ડ્યૂટી લગાડવામાં આવે છે. તો રાજય સરકાર દ્વારા વેટ વસૂલવામાં આવે છે. આ સિવાય ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને ડીલર કમીશનનો સરવાળો કરી અંતિમ કિંમત નક્કી થાય છે.

ઉદાહરણ માટે વર્તમાન સમયમાં દિલ્હીમાં પેટ્રોલની બેઝ પ્રાઈઝ ૫૫.૪૬ રૂપિયા છે. તેના પર ૧૯.૯૦ રૂપિયાની એકસાઈઝ ડ્યૂટી, ૧૫.૩૯ રૂપિયાનો વેટ લાગે છે. ત્યારબાદ પરિવહન ખર્ચ અને ડીલર કમીશન ક્રમશઃ ૨૦ પૈસા અને ૩.૭૭ રૂપિયા લાગે છે. તેવામાં અંતિમ કિંમત ૯૪.૭૨ રૂપિયા થાય છે.

# છત્તીસગઢમાં નકસલી હુમલો : બે જવાન શહિદ

સુકમા,તા. ૨૪: છત્તીસગઢના સુકમા વિસ્તારમાં ફરી એક વાર નક્સલીઓને મોટી ઘટનાને અંજામ આપી છે. સિલગેર વિસ્તારમાં નક્સલીઓ દ્વારા આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવતા બે જવાન શહીદ થયા છે. જવાનોની મૂવમેન્ટની વચ્ચે નક્સલીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. સૈન્યનાં ટ્રકને ટાર્ગેટ બનાવીને નક્સલીઓએ આઈઈડી પ્લાન્ટ કર્યો હતો.


લોન...લોન... લોન...
લોન માટેનું શ્રેષ્ઠ માધ્યમ એટલે રાધે લોન
(ફોન ઉપર તમામ માહિતી આપવામાં આવશે)




હોમ લોન
મોર્ગેજ લોન
બિઝનેસ લોન
કાર લોન
રાધે લોન
સંપર્ક : ધાર્મિકભાઈ ભટ્ટ
મો. ૯૦૩૩૭ ૬,૫૫૩
૧૪૭, પહેલો માળ, HDFC ઉપર, એપલવુડ સીટી મોલ, મધુરમ, જૂનાગઢ

તાત્કાલીક માણસો જોઈએ છે
દુબઈ માટે: • ઓફિસ બોય • ઈલિકટ્રીશ્યન • સેલ્સમેન • પ્લમ્બર • કારપેન્ટર • વેલ્ડર
કુવૈત માટે: • ડ્રાઈવર • જે.સી.બી. ઓપરેટર • શોપીંગ મોલ
સાઉદી માટે: • ડ્રાઈવર
શિંગાપુર માટે: • હોટલ • ફેકટરી હેલ્પર
માલ્ટા માટે: • હોટલ
ઈઝરાયલ માટે: • કાર્પેન્ટર, ઈલેક્ટ્રિશ્યન, એલ્યુમિનિયમ સેકશન માટે મેશન
:: ઉંમર :: 19 થી 45 વર્ષ
પાસપોર્ટ અને P.C.C. ધરાવતા વ્યક્તિએ જુનાગઢ કોન્ટેક કરવો
વિઝા/ટિકિટ આવે પછી પેમેન્ટ
Mo. 93281 72180 / 63549 69729

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



Tunwal
Tunwal E-Vehicle
Ride Along with us To The Future!
Tunwal E-Motors Private Limited




સ્ટુડન્ટને રૂા. ૧૨૦૦૦/- રાજય સરકાર તરફથી સબસીડી મળવાપાત્ર
SHREEJI E-BIKE
Applewood Township, Cristal-B, Opp. Anjani Petrol Pump, Vanthali Road, Junagadh. Mo. 99746 20698, 98241 89639

PRAMUKH ebike
All Electric Bike Sales and Service
NIJ
સામાન્ય મધ્યમવર્ગ તેમજ ખેડુતો, ડિલીવરીમેન, ધંધાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક...



વિશેષતાઓ :-
સરળ હપ્તાની લોન પર આજે જ વસાવો અને તમારી સવારીને ઈકોફ્રેન્ડલી બનાવો
• નોર્મલ પ્લગમાં ચાર્જીંગ કરી શકો.
• ડીઝીટલ ડીસ્પ્લે.
• ટયુબલેસ ટાયર
• હેવી ડયુટી ચોઈસ
• સ્ટાઈલીસ ટ્રેન્ડી લુક
• સરળ કી-લેસ ઓપરેટીંગ
• ડયુઅલ હાઈડ્રોલીક સસ્પેન્શન
• સેન્ટ્રલ લોક સીસ્ટમ
• એન્ટી થેફ્ટ સાયરન ઉપલબ્ધ
• ક્રુઝ કન્ટ્રોલ
• રીવર્સ મોડ
• યુ.એસ.બી. મોડ
• વિશાળ લેગ રૂમ
Shop No. 3, 4, 5, 14, Cristal Complex, Applewood Society, Opp. Anjali Petrol Pump, Vanthali Road, Madhuram, Junagadh-362 001.
Office: +91 83202 08903, +91 90890 90490 | E-mail : pramukhebike@yahoo.com

# નિયમો વિરૂધ્ધ રેશનકાર્ડનું અનાજ મેળવનારાઓ સામે કાર્યવાહી કરાશે : ૧ જુલાઈથી તપાસ હાથ ધરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

માસિક ૧૫,૦૦૦થી વધુ આવક ધરાવનાર વ્યક્તિ રેશનકાર્ડનું અનાજ મેળવી ન શકે તેમ છતાં જો કોઈ દ્વારા ખોટી રીતે સસ્તું અનાજ મેળવાતું હોવાનું જણાયે તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તેમજ દંડ પણ વસુલ કરવામાં આવશે. આ અંગે તાલુકા વિકાસ અધિકારી અને જૂનાગઢ ગ્રામ્ય મામલતદાર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. આ અપીલમાં જણાવાયું છે કે, રેશનકાર્ડથી વિતરણ કરવામાં આવતું અનાજ એ ફક્ત ગરીબો માટેની યોજના છે. માસિક ૧૫,૦૦૦થી વધુ આવક ધરાવનાર વ્યક્તિ રેશનકાર્ડથી વિતરીત થતું અનાજ મેળવી ન શકે. આ રીતે કુલ ૭ નિયમો છે. ત્યારે જો કોઈ વ્યક્તિ નિયમ વિરૂધ્ધ સસ્તું અનાજ મેળવતા હોવાનું જણાશે તો તેની સામે વહિવટી તંત્ર દ્વારા કાયદેસરની તેમજ જરૂર જણાયે ફોજદારી કાર્યવાહી કરી ગુનો દાખલ કરવાની ફરજ પડશે. સાથે પાત્રતા ન ધરાવતા હોય છતાં લાભ લેતા હોવાનું જણાયે સરકારી રાશનની બજાર કિંમત મુજબની રકમનો દંડ વસુલ કરવામાં આવશે. ત્યારે જે લોકો પાસે એનએફએસએ રેશનકાર્ડ છે અને તેઓ સસ્તું અનાજ મેળવવાની પાત્રતા ધરાવતા નથી તો તેમણે રાશનકાર્ડ બંધ કરાવવા માટેની અને રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ યોજના અંતર્ગત પોતાનું રેશનકાર્ડ આ યોજનામાંથી સ્વૈચ્છાએ લાભ જતો કરવા માટેની અરજી મામલતદાર કચેરી,જૂનાગઢ ગ્રામ્ય, પુરવઠા ખાતામાં રેશનકાર્ડની નકલ સાથે જમા કરાવવાની રહેશે. જો એ રીતે નહિ થાય તો ૧ જૂલાઈ ૨૦૨૪થી તપાસરૂપી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આમાં કસુરવાર જણાયે કાયદેસરની કાર્યવાહી, જરૂર જણાયે ફોજદારી કાર્યવાહી કરી ગુનો દાખલ કરવા સાથે રાશનની બજાર કિંમત મુજબનો દંડ વસુલ કરવામાં આવશે.

દરમ્યાન ચાર પૈડાવાળું મોટરકાર, ટ્રેકટર, ટ્રક કે બસ જેવું વાહન ધરાવતા હોય, કુટુંબનો સભ્ય સરકારી કર્મચારી હોય સિવાય કે(સરકારી કચેરી, બોર્ડ, નિગમ કે અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સહિત સંબંધિત કચેરીમાં આઉટ સોર્સિંગથી વર્ગ -૪માં કામગીરી કરતા હોય), જે કુટુંબનો કોઈપણ સભ્ય માસિક ૧૫,૦૦૦થી વધુ આવક ધરાવતો હોય, જે કુટુંબનો કોઈપણ સભ્ય આવકવેરો (ઈક્મટેક્ષ), વ્યવસાય વેરો ભરતો હોય, જે કુટુંબનો સભ્ય પાંચ એકર કે તેથી વધુ, બેકે તેથી વધુ સિઝનમાં પાક લેતી પિયતવાળી જમીન ધારણ કરતો હોય તેમજ જે કુટુંબ ૭.૫ એકર કે તેથી વધુ જમીન સાથે પિયત માટેનું સાધન ધારણ કરતો હોય, કુટુંબનો કોઈ સભ્ય સરકારી પેન્શનર હોય અને કુટુંબ આર્થિક સુખાકારી- સદ્ધરતા ધરાવતો હોય તેને એનએસએફએ કાર્ડમાં અનાજ ન મેળવી શકે.

# કેશોદના બામણાસામાં વ્યાજખોરોનો આતંક રૂા. ૨૪ લાખની વસુલાત માટે દંપત્તિને માર મારી દોઢ વર્ષની બાળકીને ફેંકી દીધી : પતિનું મોત થતાં હત્યાનો બનાવ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૨૪

કેશોદનાં બામણાસામાં બનેલી ચકચારી ઘટનામાં વ્યાજખોરોએ આતંક મચાવ્યો છે. જેમાં રૂા. ૨૪ લાખની વસુલાત માટે એક દંપત્તિને રસ્તા વચ્ચે આંતરી માર મારી દંપત્તિની દોઢ વર્ષની બાળકીને ફેંકી દીધી હતી. વ્યાજખોરોએ માર મારતા પતિનું મોત થતાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબકેશોદના બામણાસામાં રહેતો નિલેશ અને તેમના પત્ન નયના, બાળકી ત્રણેય કતકપરા ગામે જતા હતા એ સમયે રસ્તામાં જ બે શખ્સે આંતરી માર માર્યો હતો અને મોબાઈલ પણ ઝુંટવી લીધા હતા. બાદમાં પોતાના ઘરે લઈ જઈ રૂમમાં પુરી દંપતિને માર માર્યો હતો અને બાળકીને ફળીયામાં ફેકી દીધી હતી. પતિને બચાવવા વચ્ચે પડેલી પત્નીને પણ ઈજા થતા જૂનાગઢ સારવારમાં ખસેડાઈ હતી અને નિલેશનું જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. મરણ જનાર નિલેશભાઈના પિતા હાજાભાઈ રામભાઈ વાઢિયાએ જણાવ્યું કે, અમે અમારી વાડીએ ગયા હતા ત્યાં ટ્રેકટરનો માઢ ચાલતો હતો અને મારો પુત્ર તેમની પત્ની અને તેની દોઢ વર્ષની પુત્રી જમ્યા હતા. બાદમાં હું કેશોદ રહું છું. એટલે કેશોદ આવતો રહ્યો હતો અને મારો પુત્ર તેમની પત્ની અને દોઢ વર્ષની પુત્રી મારા ભાઈને ત્યાં કતકપરા જતાં હતા અને બામણાસાથી નિકળ્યાં ત્યારે આરોપીઓ પાછળથી બાઈક લઈને આવ્યા હતા અને મારા પુત્ર અને પુત્રવધુને માર માર્યો હતો અને કહ્યું હતું કે, ગાડી લઈ લે અને મારા ઘરે આવ તે દરમ્યાન તારે પડકારો પણ કરવો નહીં. બાદમાં રૂમમાં પુરી દંપતિને માર માર્યો હતો અને દોઢ વર્ષની બાળકીને ફળિયામાં ફેંકી દીધી હતી અને મહેશ હરદાસ નંદાણીયા, દિનેશ હરદાસ નંદાણીયા અને હરદાસ પીઠા અને તેમના ઘરનાં ચારેયે માર માર્યો હતો. ચાર વર્ષ પહેલાં પાંચ લાખ રૂપિયા લીધા હતા અને દર મહિને પાંચ લાખ રૂપિયાનું વ્યાજ દેતા હતા. બાદમાં નોટરી કરાવ્યું હતું અને ફરી વખત રિન્યુ કર્યું હતું અને મે ૩૪ લાખ ૬૦ હજાર રૂપિયા ભર્યા હતા. બાદમાં દોઢ મહિના પહેલાં મને ધાક ધમકી દેવા આવ્યા હતા ત્યારે મેં આત્મ હત્યાનો પ્રયાસ કર્યો હતો. એટલે મને દવાખાને લઈ આવ્યા હતા. બાદમાં કહ્યું હતું કે, મારી ભુલ થઈ ગઈ હું દારૂ પી ગયો હતો. તમે અમારા પૈસા આપી દીધા છે. જોકે, ફરી વખતે ૨૪ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જેથી યુવાને કહ્યું હતું કે, મારા પિતા પાસે જાઉ અને મહિલાને ઘરમાં પુરી દીધી હતી. જોકે પતિને બચાવવા વચ્ચે પડેલી પત્નીને પણ ઈજા પહોંચી હતી.

# વિસાવદર કોર્ટમાં યોજાઈ નેશનલ લોક અદાલત : એક જ દિવસમાં ઐતિહાસિક ૩૪૧ કેસોનો ન્યાયીક નિકાલ કરાયો



(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૨૪

વિસાવદરમાં શનિવારના રોજ નાલ્સાની ગાઈડ લાઈન મુજબ વિસાવદર કોર્ટ બિલ્ડીંગ ખાતે કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેનશ્રી એસ.એસ.ત્રિવેદી સાહેબના માર્ગદર્શન હેઠળ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં લીટીગેશન અને

પ્રિલિટીગેશન સહિતના કુલ રૂપિયા ત્રણ કરોડ પાંત્રીસ લાખ અઠ્ઠાણું હજાર અઠ્ઠાવન અને ત્યાસી પૈસા પુરાના ૩૪૧ કેસોમાં પક્ષકારો હાજર રહેલા હતા અને ૩૪૧ કેસોનો સુખદ નિકાલ થતાં લોક અદાલતનું ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયુ હતું. જેમાં સ્પેશિયલ સિટિંગમાં કુલ- ૯૪ કેસમાં રૂપિયા ૧,૧૮,૦૦૦/- નો દંડ વસુલ લેવામાં આવેલ હતો. જેમાં ચાલુ ૨૩૦ કેસોનો નિકાલ કરવામાં આવેલ તથા ૬૮ પ્રિલિટીગેશન કેસો મળી કુલ ૨૯૮ કેસોનો તથા ફેમિલી કોર્ટ તથા એડિશનલ ડિસ્ટ્રીકટ કોર્ટના મળી કુલ ૩૪૧ કેસોનો ઐતિહાસિક ન્યાયિક નિકાલ કરતા વિસાવદર કોર્ટમાં લોક અદાલતનું ઐતિહાસિક રેકોર્ડબ્રેક પરિણામ આવ્યું હતું

આ લોક અદાલતમાં વિસાવદર બાર એસોસિએશનના પ્રમુખશ્રી રમેશભાઈ ધાધલ,સીરાજભાઈ માડકીયા, વિજયભાઈ જેઠવા,સિનિયર ધારાશાસ્ત્રી દિનેશભાઈ શાહ, નયનભાઈ જોશી, અશ્વિનભાઈ દુધરેજીયા,સમીરભાઈ પટેલ, કમલેશભાઈ જોશી, યુ.બી. દાહીમાં, એચ.કે.સાવલિયા તથા સ્ટેટ બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા તથા પી.જી.વી.સી.એલની જુદી જુદી કચેરીઓના અધિકારીઓ તથા સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહેલા અને પક્ષકારોને સમજાવટ કરી લોક અદાલતને સફળ બનાવવા માટે મહત્વનો ફાળો આપેલ હતો. વિસાવદર કોર્ટના સુપ્રિટેન્ડન્ટ અને તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટી,પી.પી.પાણેરી, અનુપભાઈ વાઘેલા, સુધીરભાઈ ચાવડા, તથા તમામ કોર્ટ સ્ટાફે લોક અદાલતને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે સવારના ૧૦-૩૦ કલાકે દીપ પ્રાગટય કરી લોક અદાલતને ખુલ્લી મુકવામાં આવેલ હતી ત્યારથી પક્ષકારોની મોટા પ્રમાણમાં હાજરી અને ઉત્સાહ ઉડીને આંખે વળગે તેવી હતી. મુખ્ય ન્યાયાધીશ શ્રી એસ.એસ. ત્રિવેદી સાહેબે આ પ્રસંગે લોક અદાલતનું અને સમાધાનનું સમાજમાં મહત્વ સમજાવતું ઉદ્દબોધન કરેલ હતું. વિસાવદર કોર્ટમાં છેલ્લા ઘણા સમયથી લોક અદાલતને સફળ બનાવવા માટે તમામ ન્યાયાધીશ સાહેબો તથા કોર્ટ સ્ટાફ અને વકીલશ્રીઓ દ્વારા સતત પ્રયાસો કરી લોક અદાલતને સફળ બનાવી હતી.

# જૂનાગઢ લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા સાંસદ રાજેશ ચુડાસમાનું અભિવાદન કરાયું



જૂનાગઢ તા.૨૪

જુનાગઢ લેઉવા પટેલ સમાજ દ્વારા જુનાગઢ જિલ્લાના લેઉવા પટેલ સમાજ અગ્રણી કરસનભાઈ ધડુક ના નિવાસસ્થાન એસલ પાર્ક ખાતે જુનાગઢ જિલ્લાના નવનિયુક્ત સંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા જૂનાગઢની મુલાકાતે આવેલ હોય આ તકે લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા સંસદ સભ્યનું અભિવાદન કરવામાં આવેલ,તેમાં સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા માનનીય સંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમાને પુષ્પગુચ્છ, સરદાર પટેલ ની છબી તેમજ શાલ ઓઢાડીને સન્માન કરેલ આ તકે મંડળમાંથી પ્રમુખ હરેશભાઈ વઘાસીયા, ઉપપ્રમુખ પીડી ગજેરા, તેમજ કારોબારી સભ્યો માંથી પ્રકાશભાઈ ભંગડીયા, અલ્પેશભાઈ વેકરીયા, રમણીકભાઈ કુંભાણી તથા બાગુભાઈ ડોબરીયા ઉપસ્થિત રહેલ આ તકે જુનાગઢ જિલ્લાના લેઉવા પટેલ સમાજના અગ્રણીઓ જેરામભાઈ ટીમ્બડીયા, અનિલભાઈ પટોલીયા, ડોક્ટર જી કે ગજેરા, નટુભાઈ પોક્યા , ભાવેશભાઈ વેકરીયા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા કોર્પોરેટર ગોપાલભાઈ રાખોલીયા, નટુભાઈ પટોળીયા તેમજ લલીતભાઈ સુવાગીયા આ ઉપરાંત ખોડલધામ તરફથી પરેશભાઈ ડોબરીયા, નિતેશભાઈ રાદડિયા તથા તેમની ટીમ તેમજ જુનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પણ ઉપસ્થિત રહેલ.

# કોડીનાર તાલુકાના મિતિયાજ ગામથી દેવળી ગામને જોડતા સરકારી દબાણ દૂર થયા બાદ રોડનો વિવાદ ઉકેલાશે



(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૨૪

કોડીનાર તાલુકાના મિતિયાજ ગામ થી દેવળી ગામને જોડતા રસ્તા મુદ્દે ખેડૂતે તાં.૨૧ નાં રોજની ઉચ્ચારેલી આત્મવિલોપનની ચીમકીના શરતી સમાધાન થયા જો કે આ રોડ પર સરકારી દબાણ દૂર થયા બાદ રોડનો વિવાદ ઉકેલાશે રોડ બનશે અને ખેડૂતોની સમસ્યાનો સમાધાન થશે તેવું જાણવા મળ્યું છે. કોડીનાર તાલુકાના મિતિયાજ થી દેવળી ગામને જોડતા ખારાની નળ તરીકે ઓળખાતી જગ્યામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનું નોન પ્લાન નોન પ્લાન રસ્તા નું કામ મંજૂર થયેલું અને આ કામના કોન્ટ્રાક્ટ પણ અપાઈ ગયો હતો ખાતમુહૂર્ત થયું હતું રોડનું ખોદકામ કર્યું અને ત્યાર પછી અચાનક કામ બંધ કરી દેવાતા મિતિયાજ ગામના ખેડૂત જયસિંહ અરજણભાઈ બારડે આ રોડ તત્કાળ ન બને તો ખેડૂતોને ખેતરે પહોંચવું મુશ્કેલ બનશે અને ખેતરો પણ ધોવાય જશે.' જો કે પોલીસની સમજાવટ બાદ આત્મ વિલોપન કરવાનું જયભાઈ બારડે ટાળ્યું હતું.

આત્મવિલોપનની અરજી પાછી ખેંચીતાં તંત્રનએ હાશકારો અનુભવ્યો હતો.જોકે આ રોડનું કામ કરી રહેલા કોન્ટ્રાક્ટરે કહ્યું કે, 'આ રસ્તા પર ખેડૂતોએ દબાણ કરેલું છે.અમે કઈ રીતે કામ કરીએ...!!? દબાણ હટાવવામાં આવે તો અમે કામ શરૂ કરીશું..' હાલ આ વિવાદ છાંછેડાયો છે આથી આ વિસ્તાર ના ખેડૂતોની ચીંતા વધી છે.

આ રોડનું કામ કરતા કોન્ટ્રાક્ટર તેજસભાઈ રાઠોડે જણાવ્યું હતું કે આ ૨૨૦૦ મીટર ની લંબાઈ અને ૭.૫ મીટર ની પહોળાઈ ધરાવતા આ રસ્તા ઉપર રોડનું કામ હાથ ધરતા આ રોડ ઉપર અનેક જગ્યાએ સરકારી જમીનમાં દબાણો હોય નિયમ મુજબ રસ્તો મળતો ન હોય માટે હાલ પૂરતું આ કામ સ્થગિત કરી તંત્રને અમે લોકોએ સરકારી રસ્તા પરના દબાણ દૂર કરવા અંગેની અરજી કરી દીધી છે જે દબાણ ખુલ્લું થયા બાદ રસ્તો બનાવો શક્ય છે માટે હાલ પૂરતું કામ સ્થગિત કર્યું છે.

કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન એસ જે મચ્છારે જણાવ્યું હતું કે આ રોડ પર દબાણ હોવાનું સામે આવી રહ્યું છે.માપણી સીટ મુજબ રોડની પહોળાઈ તપાસીને દબાણ ખુલ્લું કરવામાં આવશે. ત્યાર બાદ રોડનું કામ વહેલી તકે આગળ વધારી શકાશે.

# વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ લંડનના વડાપ્રધાન ઋષિ સુનકને આપતા સંતો



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૨૪

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થસ્થાન વડતાલધામના ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે દેશ વિદેશમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડતાલના વર્તમાન ગાદીપતિ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી , મુખ્ય કોઠારીશ્રી ડૉ.સંત સ્વામી, ચેરમેન શ્રી દેવપ્રકાશ સ્વામી, પૂ.માધવપ્રિય સ્વામી, પૂ.નિત્યસ્વરૂપ સ્વામી વગેરે સંતો અમેરિકા લંડન જેવા દેશોમાં વસતા સંપ્રદાયના અનુયાયીઓને રૂબરૂ આમંત્રણ પાઠવી રહ્યા છે..

શ્રી કચ્છ સ્વામિનારાયણ મંદિર હેરો મુકામે વડતાલ મંદિરના મુખ્ય કોઠારી ડૉ.સંત સ્વામી અને પૂ.માધવપ્રિય સ્વામી-છારોડીએ લંડનના પ્રથમ હિન્દુ વડાપ્રધાન ઋષિ સુનકને શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં લાભ લેવા માટે આમંત્રણ આપ્યુ હતુ. આ સભા બોબ બ્લેકમેન પણ ખાસ ઉપસ્થિત હતા. તેમણે લંડનને પ્રથમ હિન્દુ પ્રાઈમ મિનિસ્ટર મળ્યા છે તેનુ ગૌરવ વ્યક્ત કર્યું હતુ અને કહ્યુ હતુ કે, આ વડાપ્રધાન સતત તમારા સહુ માટે કામ કરે છે અને અમને એમના માટે ગૌરવ છે.

ઋષિ સુનકે સભામાં પોતાના સ્વાગત સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ભગવાન અને સંતોના આશીર્વાદ મળ્યા. આપ સહુનો સ્નેહ મળ્યો, મારો ઉછેર મંદિરના ઉષ્મા ભર્યા વાતાવરણમાં થયો છે. મને લાગે છે કે, આપણને સહુને ભગવાન જોઈ રહ્યા છે.. આટલું કહીને અંતમાં દેશ સમાજ અને સમષ્ટિ માટે સતત કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. ઈંગલેન્ડમા વડાપ્રધાન હોવા છતા હિન્દુ હોવાનું ગર્વ પૂર્વક જાહેરમાં સ્વીકારતા સુનક યુવકોના પ્રેરક - આઈકોન હોવા જોઈએ, એમ ડૉ.સંત સ્વામીએ જણાવ્યું હતું.. અને સારંગપુર મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી સહિત સંતોએ શ્રીહનુમાનજી ની પ્રતિમા અર્પણ કરી હતી તેનો સહર્ષ સ્વીકાર કરીને કહ્યુ હતુ કે, હનુમાન ચાલીસાનો પાઠ કરતી વખતે આ મૂર્તિ મારી સામે રાખીશ. મંદિરના પ્રમુખ સુરેશભાઈ, સેક્રેટરી રીકીનભાઈ અને સેવકોએ તમામ વ્યવસ્થા ગોઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા ગુજરાતીઓ પણ લંડનના કાઉન્સિલમાં મેમ્બર તરીકે સેવાઓ આપી રહ્યા છે. અને સાળંગપુર મંદિરના કોઠારી શ્રી વિવેકસાગર સ્વામી સહિત સંતોએ શ્રીહનુમાનજીની પ્રતિમા અર્પણ કરી હતી તેનો સહર્ષ સ્વીકાર કરીને કહ્યુ હતુ કે, હનુમાન ચાલીસાનો પાઠ કરતી વખતે આ મૂર્તિ મારી સામે રાખીશ.

# દેવભૂમિમાં મેઘરાજાને રી-એન્ટ્રીઃ ખંભાળિયામાં ત્રણ ઈંચ વરસાદ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક સપ્તાહના મેઘ વિરામ બાદ ગઈકાલથી પુનઃ મેઘરાજાના મંડાણ થયા છે અને ગઈકાલે રાત્રે ખંભાળિયામાં ધોધમાર ત્રણ ઈંચ સુધી વરસાદ વરસી ગયો હતો. ત્યારે અન્યત્ર માત્ર હળવા તથા ભારે ઝાપટા જ વરસ્યા હતા. ખંભાળિયા સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી અસહ્ય ઉકળાટ ભર્યો માહોલ બની રહ્યો છે. આ વચ્ચે ગઈકાલે રવિવારે સાંજે અહીંના વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાત્રીના નવેક વાગ્યાથી છવાયેલા ઘટાટોપ વરસાદી વાદળો બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો અને માત્ર એકાદ કલાકના સમયગાળા દરમિયાન બે ઈંચ જેટલું પાણી પડી ગયું હતું. આ પછી પણ અવિરત રીતે ઝાપટા ચાલુ રહેતા ગતરાત્રિના ખંભાળિયા તાલુકામાં કુલ ૭૧ મિલીમીટર પાણી પડી ગયું હતું.

આ સાથે ગત રાત્રિના ભાણવડ તાલુકામાં ૭ અને કલ્યાણપુર તાલુકામાં ૬ મિલીમીટર વરસાદ નોંધાયો છે. જ્યારે દ્વારકા પંથકમાં માત્ર ઝાપટા સ્વરૂપે ૨ મિલીમીટર પાણી પડી ગયું હતું. ખંભાળિયા તાલુકામાં ગતરાત્રે વરસાદના પગલે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો લાંબો સમય ખોવાઈ જતા કાળઝાળ ગરમીમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. આજે સવારથી પણ ખંભાળિયા પંથકમાં વરસાદી વાદળોની જમાવટ રહી હતી. અને સૂર્યનારાયણના દર્શન થયા ન હતા. હવામાન વિભાગની આગાહી સાથે આજે પણ મેઘરાજા જોરદાર વરસે તેવી સંભાવનાઓ પણ વ્યકત કરવામાં આવી રહી છે.


આજે સવારે ૮ વાગ્યા સુધીમાં ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૩૧૨ મિલીમીટર, ભાણવડ તાલુકામાં ૬૭ મિલીમીટર, દ્વારકા તાલુકામાં ૩૯ મિલીમીટર અને કલ્યાણપુર તાલુકામાં ૧૧ મિલીમીટર મોસમનો કુલ વરસાદ નોંધાયો છે.

# માંગરોળના હાજી ઈકબાલ ગાંધી મક્કામાં જન્નતનશીન

(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા.૨૪

માંગરોળના એક હાજીનુ મક્કામાં ગઈકાલે અવસાન થયું છે. માંગરોળના વતની અને નિવૃત્ત ફોરેસ્ટર ઈકબાલભાઈ પટેલ (ગાંધી) ૨૦૨૪ની હજ માટે મક્કા શરીફ ગયા હતા. હજ પૂર્ણ થયા બાદ ગઈકાલે સવારે તેમનું અવસાન થયુ હતું તેમની દફનવિધિ મક્કા શરીફના કબ્રસ્તાન જન્નતુલ માલામાં કરવામાં આવેલ.



અત્રે ઉલ્લેખનીય છે કે ઈકબાલભાઈના પિતાનું પણ થોડા વર્ષો પહેલા મક્કામાં જ અવસાન થયુ હતું.

# જૂનાગઢમાં પરિણીતાએ સાસરીયાઓ વિરૂધ્ધ ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢનાં મધુરમ વિસ્તારમાં પિયરને ત્યાં સવા વર્ષથી રિસામણે રસીલાબેન(ઉ.વ.૨૪)નાં લગ્ન ૨૮ નવેમ્બર ૨૦૨૧ના રોજ જેતપુરના સૂરજ નાથાભાઈ ચુડાસમા સાથે થયા હતા. લગ્ન બાદ બે મહિના ઘરસંસાર સારી રીતે ચાલ્યા પછી પ્રાથમિક શાળામાં આચાર્યની નોકરી કરતા સાસુ મીનાક્ષી બેન અને પતિ ઘરમાં પૂરીને પોતાના કામ ઉપર ચાલ્યા જતા હતા. અને આડોશ પાડોશમાં જવા આવવા દેતા નહીં એટલું જ નહીં ક્યાંય બહાર નીકળવા દેતા નહીં. નણંદના લગ્નના દિવસે સાસુએ દાગીના લઈ લીધા બાદ ક્યારેય પહેરવા આપ્યા ન હતા અને કરિયાવરમાં કાંઈ લઈ આવેલ નથી તેમ બોલી તારા પપ્પા પાસેથી પૈસા લઈ આવ તેમ કહી બંને દુઃખ ત્રાસ આપી મારકુટ કરતા હોવાની ફરિયાદ પરિણીતાએ કરતા મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે. જે. માઢકે તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢના સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાનું અભિવાદન કરાયું



જૂનાગઢ તા.૨૪

સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા જુનાગઢ લેઉવા પટેલ સમાજ આયોજિત ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા કે જેવો શ્રમ અને રોજગાર મંત્રી તરીકે નો પદભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત જૂનાગઢની મુલાકાતે આવેલ હોય આ તકે લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા મંત્રીનું અભિવાદન કરવામાં આવેલ,તેમાં સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા માનનીય મંત્રીશ્રીને પુષ્પગુચ્છ, સરદાર પટેલ ની છબી તેમજ શાલ ઓઢાડીને સન્માન કરેલ આ તકે મંડળમાંથી પ્રમુખ હરેશભાઈ વઘાસીયા, ઉપપ્રમુખ પીડી ગજેરા, મંત્રી જે. એલ. કાછડીયા, તેમજ કારોબારી સભ્યો માંથી પ્રકાશભાઈ ભંગડીયા, કુંભાણીભાઈ, અલ્પેશભાઈ વેકરીયા તથા શ્રી પોલરા ઉપસ્થિત રહેલ હતા.

## મીસામાં ગયેલ કાર્યકર્તાઓનું સન્માન કરાશે

જૂનાગઢ તા. ૨૪ : અધિવકતા પરીષદ જૂનાગઢ શાખા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ જૂનાગઢ શાખા દ્વારા ૧૯૭૫માં કટોકટી દરમ્યાન જેલમાં (મીસામાં) ગયેલ કાર્યકર્તા તથા આગેવાનોનો સન્માન કાર્યક્રમ આવતીકાલ તા. ૨૫-૬-૨૪ મંગળવારનાં રોજ સાંજનાં ૭ કલાકે સમસ્ત ખાંટ રાજપુત સમાજની જગ્યા, ભવનાથ તળેટી, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# ઉનામાં સ્માર્ટ મીટર ફીટીંગ રદ કરવા માંગ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

ઉના પ્રાંત અધિકારીનેને આવેદન પત્ર આપી રજુવાત કરી કે, ગુજરાતમાં સરકાર દ્વારા ૧.૬૪ કરોડ સ્માર્ટ પ્રિ- પેઈડ મીટર લગાવવા પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે. તેમાં પી.જી.વી.સી. એલ. દ્વારા ગીર સોમનાથ જીલ્લામાં શહેર તથા ગામડાઓમાં સ્માર્ટ મીટર ફીટીંગ કરવા બાબતે સર્વે કરવામાં આવી રહ્યો છે. જ્યાં જ્યાં સ્માર્ટ મીટર ફીટીંગ કરવામાં આવ્યા છે ત્યાં ત્યાં જુદા જુદા પ્રશ્નો જોવા મળ્યા છે જેમ કે ડીજીટલ મીટર કરતા લાઈટ બીલ વધારે આવવું, પ્રિ રીચાર્જ પૂરૂ થઈ જતા લાઈટ કપાઈ જવી, ફરજીયાત ૩૦૦ રૂપિયાનું બેલેન્સ એડવાન્સ તરીકે ભરવા વગેરે જેવા પ્રશ્નો જોવા મળી રહ્યા છે. ઉપરાંત દરેક વીજ ગ્રાહકો પૈકી સ્માર્ટ મીટરમાં રીચાર્જ પૂરૂ થઈ જતા અમુક વર્ગ રીચાર્જ કરી શકતા નથી કારણ કે તમામ ગ્રાહકો પાસે સ્માર્ટ ફોન હોતા નથી તેમજ UPI/ નેટ બેક્િંગ જેવી સુવિધા સાથે જોડાયેલા હોતા નથી. આમ કોઈ પણ પ્રકારે આયોજન વગર સ્માર્ટ મીટર લગાવવાથી વીજ ગ્રાહકોને મોટો માર પડે તેમ છે. માટે સરકાર દ્વારા આ બાબતે પુનઃ વિચાર કરી સ્માર્ટ મીટર લગાવવાના નિર્ણયને રદ કરવા આપ સાહેબને વિનંતી કરીએ છે.



સરકાર દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે કે નવા વીજ ગ્રાહકોને કનેક્શન લેવા માટે ઓફલાઈન અરજીની જગ્યાએ ઓનલાઈન અરજી કરવાની રહશે. આ બાબતે પણ કોઈ પણ પ્રકારે આયોજન વગર તેમજ જે તે પી.જી.વી.સી. એલ.ની ઓફિસે અરજદારોને ઓનલાઈન અરજી કરવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. જેમાં વચેટીયાઓ દ્વારા અરજદારો પાસેથી બેફામ ઓનલાઈન અરજી કરવા પૈસા પડાવવામાં આવી રહ્યા છે. આ બાબતે વધારે તપાસ કરતા પી.જી.વી.સી. એલ .સામે મહેતા એન્ડ સન્સ નામની પેઢી ઉભી કરવામાં આવી છે. આ ઓફીસ પેશકદમી કરેલ જગ્યામાં ચાલે છે અને તેમાં પણ વીજ કનેક્શન વગર વીજળીનો વપરાશ થાય છે. આ લોકો દ્વારા ૩ ફેઝ કનેકશનની ઓનલાઈન અરજી કરવાના ૧૫૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવે છે. તો ઓનલાઈન અરજી કરવા સરકાર દ્વારા જે તે કચેરીમાં અરજદારો માટે કોઈ વ્યસ્થા ઉભી કરવામાં આવશે કે કેમ? ઓન લાઈન અરજી કરવા માટે ભાવો નક્કી કરવામાં આવશે કે કેમ? અધિકારીઓની દેખરેખ હેઠળ ગેર કાયદેસર ઓફીસ બનાવી અરજદારોને લુંટનાર લોકો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે કે કેમ? આવા સવાલો થઈ રહ્યા છે માટે આપ દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરી નિયમઅનુસાર કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.આવેદન પત્ર માં અખિલ ભારતીય કોળી સમાજ ના મહામંત્રી રસિક ચાવડા,મોટા ડેસર ગ્રામ પંચાયત ના સદસ્ય ભરત શિંગડ, સિલોજના સરપંચ ભીમભાઈ સોલંકી, અંબાડાના પૂર્વ સરપંચ શાંતિલાલ કીડેચા, ભેભા ગ્રામ પંચાયતના સરપંચ પ્રતિનિધિ બાલુભાઈ સોલંકી સહિત ના લોકો એ આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી.

# આશાદિપ ચેરીટેબલ ફાઉન્ડેશનાં માનસિક દિવ્યાંગો દ્વારા વર્લ્ડ યોગા ડેની ઉજવણી

જૂનાગઢ, તા.૨૪

આશાદિપ ચેરીટેબલ ફાઉન્ડેશન મુખ્યત્વે ૧૮ વર્ષથી ઉપરના માનસિક દિવ્યાંગોને માનસિક, સામાજીક અને વ્યાવસાયિક રીતે સારવાર અને તાલિમ આપી સમાજમાં પૂનઃ સ્થાપીત કરવાની કામગીરી કરે છે. આશાદીપ સંસ્થાના રોજના શેડયુલની શરૂઆત પ્રાર્થના, હળવી કસરતો અને યોગાથી જ થાય છે. યોગાની મદદથી માનસિક રોગીઓ અને માનસિક ક્ષતિવાળા લોકોની સમજ શકિત, સહકાર, સંકલન અને એકાગ્રતામાં સુધારો થાય છે. તા.૨૧ જુન વર્લ્ડ યોગા દિવસે યોગા એકસપર્ટ નેહાબેન કોદાવલા દ્વારા યોગા કરાવવામાં આવેલ હતા. આશાદિપનો મુખ્ય હેતુ માનસિક દિવ્યાંગોને સમાજના પ્રવાહમાં ભેળવવાનો છે તે સંદર્ભના દિવ્યાંગોને યોગામાં સાથ આપવા માટે આશાદિપના ટ્રસ્ટી ડો.અરવી સોહમ બુચ, પુર્ણાબેન વગેરે સ્ટાફગણ, વાલીઓ તથા યોગા ગૃપના મેમ્બર્સ બહેનોએ તેઓની જોડો યોગા કરેલ અને તેઓ પણ સામાન્ય માણસ જેવી જીંદગી વ્યતિત કરી શકે છે તેવું સમાજને ઉદાહરણ આપેલ. આ સમગ્ર કાર્યક્રમનો વિચાર અને અમલીકરણ સંસ્થાના સંચાલક પુર્ણાબેન હેડાવ દ્વારા કરવામાં આવેલ. આ યોગા ડેને સફળ બનાવવા આશાદિપની ટીમે જહેમત ઉઠાવેલ હતી. દિવ્યાંગો સહિત આશરે ૭૫ જેટલા લોકોએ યોગા કરેલ હતા.






# ઉનામાં શારદા કોમ્પલેક્ષ અને પી.પી.દેસાઈ કોમ્પલેક્ષ અતિ જર્જરિત હાલતમાં છતાં તંત્ર મૌન : કાર્યવાહી ક્યારે ?

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

ઉના બસ સ્ટેન્ડ રોડ પાસે શારદા કોમ્પલેક્ષ અને પી.પી. દેસાઈ કોમ્પ્લેક્સનો પાછળનો ભાગ અતિ જર્જરીત હાલતમાં છે. તંત્ર વહેલીતકે કામગીરી કરે તેવી લોકોની માંગણી ઉઠી છે. આ કોમ્પ્લેક્સમાં હાલ પણ કેટલાક લોકો ભાડે વસવાટ કરી રહ્યાં છે. આ ચાર માળનું કોમ્પ્લેક્સ અત્યંત જર્જરીત હાલતમાં છે. કોમ્પલેક્ષની નીચે દુકાનો આવેલી છે અને દુકાનોમાં આવતા ગ્રાહકો ઉપર અને દુકાનદારો ઉપર પોપડા પડતા હોય છે. શારદા કોમ્પ્લેક્સ અને પી.પી.દેસાઈ કોમ્પ્લેક્સ આવેલ વિસ્તારમાં અનેક દવાખાના પણ આવેલા છે જેથી આ વિસ્તારમાં ભારે ભીડની અવર જવર રહેતી હોય છે માટે આ કોમ્પ્લેકક્ષ વહેલાસર કામગીરી થાય તેવી માંગણી ઉઠી છે.





ઉનામાં નગરપાલિકાની સામે કોમ્પ્લેક્ક્ષ ઘણા બધા જર્જરીત છે તો તંત્ર આવા ઉનામાં ૩૦ થી ૩૫ વર્ષ જૂના કોમ્પલેક્ષની તપાસ કરી તેની સામે યોગ્ય પગલાં લે તેવી માંગ ઉઠી છે પરંતુ નગરપાલિકાએ નોટિસ આપી સંતોષ માની લીધો છે. હજી સુધી કોમ્પ્લેક્ક્ષની કામગીરી થઈ નથી તો શું આ લોકો દુર્ઘટનાની રાહ જોવે છે ? તેવો સાવલ લોકોમાંથી ઉઠવા પામ્યો છે.

# ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન સભ્ય કનુભાઈ પટેલે કરેલ આત્મહત્યાને ન્યાય આપવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના સભ્ય કનુભાઈ પટેલે તા.૧૫-૬-૨૦૨૪ના રોજ ગળે ફાસો ખાઈને આત્મહત્યા કરેલ છે. કનુભાઈ છેલ્લા ૩૫ વર્ષ જેટલા લાંબા સમયથી માર્ગ અને મકાન વિભાગમાં કોન્ટ્રાકટના કામો કરતા હતા. તેમના ભાઈના કહેવા પ્રમાણે થયેલ FIR મળેલ સુસાઈડનોટ અનુસાર કનુભાઈએ કરેલ જુદા-જુદા કામો હેઠળ અંદાજે ૪૭૨ લાખ જેવી મોટી રકમ નું પેમેન્ટ ન થતા આ માતબર રકમ રોકોઈ રહેલ હતી. જેમાં કપડવંજ પેટા વિભાગના એક રોડના કામનો ખાસ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમાં ૨૨૫ લાખ જેટલી રકમ છેલ્લા ૧૨ માસ કરતા વધુ સમયથી રોકાયેલ જે અંગે અવાર-નવાર વ્યાજબી રજુઆત કરવા છતા પણ કપડવંજ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જીગર કડિયા તેમજ સુપરવાઈઝર દિપક ગુપ્તા દ્વારા ઉચી ટકાવારી માગણી કરી કામ ચાલુ હોવા છતાં બીનજરૂરી ખોટી નોટીસ આપીને માનસિક ત્રાસ આપી અટકાવેલ હતી. હકના રોકાઈ રહેલ નાણા છુટા ન થતા કામ પ્રત્યે તેઓ સંવેદનશીલ હોય કામ પુરૂ કરવા માટે તેમણે વ્યાજ પરના નાણા લઈને માલ સામાન તેમજ મજુરીના પૈસા ચૂકવતા હતા. તેઓ નાજુક અને અસહાય પરિસ્થિતિનો સામનો લાંબા સમયથી કરી રહ્યા હતા. આ સ્થિતિનું સરકારના અધિકારી-કર્મચારીના નિષ્ઠુર અને અમાનવીય વર્તનના કારણે નિર્માણ થયેલ અને તેઓ આત્મહત્યા કરવા મજબૂર થયા. આવી કલંકરૂપ દુર ઘટના અંગે ગંભીર આક્રોસ તમામ કોન્ટ્રાકટર ભાઈઓમાં છે જે દરેક જીલ્લાના કોન્ટ્રાકટર એસોસીએશન દ્વારા જે તે જીલ્લાના કલેકટર તેમજ કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર આપી જાહેર કરેલ છે. અમારા કોન્ટ્રાકટર ભાઈને એટલી હદ કનડગત કરી માનસિક તાત્ર આપી આત્મહત્યા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરનાર જવાબદાર વ્યક્તિની ધરપકડ કરવામાં આવેલ નથી તે તેમના ફરજ મોકૂફના હુકમો પણ હજુ સુધી કરવામાં આવેલ નથી. સામે જરૂરી કડક પગલા લેવા સદરહુ બાબતે ભીનુના સંકેલવા તે જોવા વિનંતી તેમજ કનુભાઈએ કરેલ કામના વ્યાજબી ચુકવણા તેમના નિસહાય કુટુંબને તાત્કાલિક મળે, અને શક્ય તેટલી નાણાકીય સહાય કરવા સરકારને નમ્ર વિનંતી.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિના બાળકો માટે જનરલ નોલેજની સ્પર્ધાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૪

ખંભાળિયાની જાણીતી ધાર્મિક સંસ્થા શ્રીનાથજી સાનિધ્ય સેવા સમિતિના ઉપક્રમે આગામી તા.૭ જુલાઈના રોજ રઘુવંશી જ્ઞાતિના બાળકો માટે જનરલ નોલેજની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ ૫ થી ૧૨ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલી આ સ્પર્ધામાં બાળકોના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી યોજવામાં આવનાર આ સ્પર્ધામાં દરેક સ્પર્ધકોને આશ્વાસન ઈનામો પણ આપવામાં આવશે. આ પરીક્ષા માટે કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવી નથી.

આ જનરલ નોલેજ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના નામ આવતીકાલે રવિવારે સાંજે અત્રે જૂની લોહાણા મહાજન વાડી (સમાણી મંડપ પાસે) સવારે ૯:૩૦થી ૧૨:૩૦ સુધીમાં નોંધાવી જવા તેમજ વધુ માહિતી માટે દર્શિત દાવડા (મો.૯૪૦૮૧ ૬૪૦૮૧), કેતન અમલાણી (મો.૭૯૮૪૫ ૬૯૦૭૮) તથા ટીમનો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.

# દ્વારકાધીશ જગત મંદિરે જલયાત્રા નાવમનોરથ ઉત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૨૪

જગવિખ્યાત દ્વારકાધીશ જગત મંદિરે જલયાત્રા ઉત્સવ નિમીતે સાંજે ઠાકોરજીના ઉત્થાપન કરાવ્યા બાદ નીજ મંદિરની સભામંડમાં પૌરાણીક કુંડ (હોજ) માં શાસ્ત્રોક વિધીથી જલ ભરી ઠાકોરજીના બાલ સ્વરૂપ ગોપાલજીને નાવમાં બેસાડી પુજારી પરીવાર દ્વારા જલયાત્રા નાવ મનોરથ યોજવામાં આવ્યો છે. શ્રીજીના અલૌકીક દર્શનો સંખ્યાબંધ ભાવિકોએ લાભ લિધો હતો.

# વેરાવળની મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૨૪

વિશ્વ યોગ દિન નિમિત્તે ગીર સોમનાથ જીલ્લાના વેરાવળની મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ. યુનિટના સ્વયંસેવક બહેનો તેમજ ટેલેન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ ભાઈઓ તથા બહેનોએ યોગ કરવા માટે જોડાયા હતા. પ્રિન્સિપાલ ડો.બંધીયા, પ્રોગ્રામ ઓફિસર ડો.કાલાવડીયાબેન અને યોગ વ્યાયામ ખેલ કુદ ધારાના ચેર પર્સન ડો.બોરડબેન દ્વારા સંયુક્ત રીતે યોગ દિવસનું



કાર્યક્રમનું સરસ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો.વાળા તથા ડો. પુષ્પાબેન દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો.

## ટાટા સ્ટીલના કર્મચારીઓ હડતાલ પર ઉતરશે

# બ્રિટન ૪૦ વર્ષમાં પ્રથમ વખત સ્ટીલ કામદારો કરશે હડતાળ

## ટાટા સ્ટીલના લગભગ ૧,૫૦૦ કર્મચારીઓ ૮ જુલાઈથી અનિશ્ચિત મુદ્દતની હડતાળ કરશે શરૂ

લંડન, તા.૨૪

વિશ્વના વિકસિત દેશો પૈકીના એક બ્રિટન ૪૦ વર્ષમાં પ્રથમ વખત સ્ટીલ કામદારોની હડતાળનો સામનો કરવા જઈ રહ્યું છે. ટાટા સ્ટીલના લગભગ ૧,૫૦૦ કર્મચારીઓ ૮ જુલાઈથી અનિશ્ચિત મુદ્દતની હડતાળ શરૂ કરશે.

વાસ્તવમાં કંપનીએ વેલ્સના પોર્ટ ટેલ્બોટ અને લાનવર્નના પ્લાન્ટમાં કામ કરતા ૨,૮૦૦ કર્મચારીઓને છટણીના નામે બેરોજગાર બનાવ્યા છે. આ ઉપરાંત બ્લાસ્ટ ફર્નેસ પણ બંધ કરી દેવામાં આવી છે. આ પછી નારાજ કર્મચારીઓએ એકજૂથ થઈને ૮ જુલાઈથી હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે.

ટાટા સ્ટીલના યુનાઈટ ધ યુનિયને કહ્યું કે ૪૦ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે ટાટા સ્ટીલ યુકેમાં કામ કરતા યુકેના કર્મચારીઓએ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. તેનો હેતુ પ્લાન્ટની કામગીરી પર ગંભીર અસર કરવાનો છે. આ હડતાલ વેલ્સમાં ટાટાના પોર્ટ ટેલ્બોટ અને લાનવર્ન સાઈટ્સ પર થશે.

યુનાઈટેડના જનરલ સેક્રેટરી શેરોન ગ્રેહામે કહ્યું, ‘ટાટાના કર્મચારીઓ માત્ર તેમની નોકરી માટે લડતા નથી. તેઓ તેમના સમુદાયોના ભવિષ્ય અને વેલ્સમાં સ્ટીલ ઉદ્યોગના ભવિષ્ય માટે લડી રહ્યા છે. જ્યાં સુધી ટાટા તેની વિનાશક યોજનાઓ બંધ નહીં કરે ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે.

ટાટા સ્ટીલ બ્રિટનમાં ૮,૦૦૦ થી વધુ લોકોને રોજગારી આપે છે. કંપનીએ જાન્યુઆરીમાં કહ્યું હતું કે આગામી ૧૮ મહિનામાં કુલ ૨,૫૦૦ નોકરીઓમાં કાપ મુકવામાં આવશે. યુનિયનનો દાવો છે કે વિપક્ષી લેબર પાર્ટીએ મુંબઈ-મુખ્યમથક ધરાવતી સ્ટીલ કંપનીને તેની યોજનાઓ અટકાવવા અને સામાન્ય ચૂંટણી પછી નવી ચૂંટાયેલી સરકાર સાથે વાતચીત કરવા માટે અપીલ કરી છે. તેમણે કહ્યું કે લેબર પાર્ટીએ પણ જો ચૂંટણી જીતે તો ટાટા સાથે ઈમરજન્સી વાટાઘાટોને પ્રાથમિકતા આપી છે.

કંપનીએ આ નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી છે અને ટાટા સ્ટીલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે યુનાઈટના નિર્ણયથી કંપની નિરાશ થઈ છે. તેમણે કહ્યું કે સ્ટીલ કંપનીને દરરોજ ૧ મિલિયન પાઉન્ડનું નુકસાન થઈ રહ્યું છે. તેથી, મજબૂરીમાં છટણીનો કડક નિર્ણય લેવો પડ્યો છે. “જો આ હડતાલ પ્લાન્ટમાં કામગીરીની સલામતી અને સ્થિરતાને જોખમમાં મૂકે છે તો અમને તે બંધ કરવાની યોજનાઓને વેગ આપવાની ફરજ પડશે” તેમ પ્રવક્તાએ જણાવ્યું હતું. તમને જણાવી દઈએ કે કંપનીમાં સતત ખોટને જોતા ટાટા સ્ટીલ કંપનીએ લો કાર્બન ઈલેક્ટ્રિક આર્ક ફર્નેસ પર સ્વિચ કરવાની જાહેરાત કરી હતી. આ માટે સરકારે ૫૦૦ મિલિયન પાઉન્ડની સહાયની પણ જાહેરાત કરી હતી.

## દાદીનું ૮૦ વર્ષ અગાઉ છૂટી ગયું હતું ભણતર

# અમેરિકામાં ૧૦૫ વર્ષીય વૃદ્ધ દાદીએ માસ્ટર્સ ડિગ્રી મેળવી

## ગિની હિસલોપે સ્ટેનફોરડે યુનિવર્સીટીમાં મેળવી ડિગ્રી

વોશિંગ્ટન, તા.૨૪

આમ તો ભણવાની કોઈ ઉંમર નથી હોતી, પણ માણસ ઈચ્છે તો કોઈપણ ઉંમરે ભણતર ફરી શરુ કરી શકે છે. હાલ એક મહિલા સોશિયલ મીડિયામાં ખૂબ ચર્ચામાં છે. ૧૦૫ વર્ષના એક મહિલાએ અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સીટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી છે. વર્જીનિયામાં રહેતા ૧૦૫ વર્ષીય ગિની હિસલોપે સ્ટેનફોર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ એજ્યુકેશમાંથી ૮૦ વર્ષ બાદ ભણતર પૂરૂ કરીને માસ્ટર ડિગ્રી મેળવી હતી. ૧૯૪૦માં ગિની તેમના કોર્ષના છેલ્લા સેમેસ્ટરમાં હતી. પણ છેલ્લે જ્યારે માસ્ટર માટે થીસીસ સબમિટ કરવાના હતા એ પહેલા જ બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળું હતું. જેથી તેમને ડિગ્રી ન મળી. તેમજ યુદ્ધ શરુ થતા ગિનીના બોયફ્રેન્ડ જ્યોર્જ હિસલોપને યુદ્ધમાં સેવા આપવા માટે બોલાવવામાં આવ્યા હતા. આ કારણે ગિની હિસલોપે જ્યોર્જ સાથે લગ્ન કરવા માટે તેની ડિગ્રી છોડી દીધી હતી. ત્યારબાદ જ્યોર્જે યુદ્ધમાં મદદ કરી અને ગિનીએ ઘર સાંભળ્યું હતું. આમ તેમનું ભણતર પૂરું ન થયું. તેમના પરિવારમાં બે બાળકો અને ચાર પૌત્ર તેમજ નવ પ્રપૌત્ર સામેલ છે. તેમણે દાયકાઓ સુધી વોશિંગ્ટન સ્ટેટમાં સ્કૂલ તેમજ કોલેજ બોર્ડમાં પણ સેવા આપી હતી. જયારે હવે તેમણે ૧૬ જૂને માસ્ટર ઓફ આર્ટસ ઈન એજ્યુકેશનમાં ડિગ્રી મેળવી હતી.

# દ્વારકેશલાલજીએ મહારાજ ફિલ્મ મુદ્દે ઓબ્જેક્શન પિટિશન કરી

## નેટફ્લિક્સ ઉપર ફિલ્મ હટાવી લેવા માંગ કરી છે

કેલિફોર્નિયા, તા.૨૪

બોલીવૂડની મહારાજ ફિલ્મ મામલે વૈષ્ણવાચાર્ય દ્વારકેશ લાલજીએ વિરોધ નોંધાવ્યો છે. હાલ દ્વારકેશલાલજી મહારાજે કેલિફોર્નિયા સ્થિત નેટફ્લિક્સના હેડ ક્વોર્ટર ખાતે વૈષ્ણવ સમાજ અને આચાર્યના અપમાન અંગે રજૂઆત કરી છે. તેમજ નેટફ્લિક્સ પર ફિલ્મ હટાવી લેવા માંગ કરી છે. ફિલ્મનો વૈષ્ણવાચાર્ય દ્વારકેશ લાલજીએ વિરોધ કર્યો હતો. તેમણે નેટફ્લિકસની હેડ ઓફિસે ઓબ્જેક્શન પિટિશન નોંધાવી છે.આ અંગે દ્વારકેશ લાલજીએ જણાવ્યું હતું કે, આજે હું નોર્થ અમેરિકામાં કેલિફોર્નિયાના સિલિકોન વેલીમાં નેટફ્લિક્સની કોર્પોરેટ ઓફિસથી જણાવું છું કે, પ્રસ્તુત મહારાજ ફિલ્મને લઈ અહીંયા મેં ઓબ્જેક્શન પિટિશન ફાઈલ કરાવી છે.આજના આ સમયમાં જ્યારે હિન્દુ સનાતન ધર્મની પરંપરા, વૈષ્ણવ સંપ્રદાયની પરંપરાઓ અને અમારા ઈષ્ટ એવા ભગવાન શ્રીકૃષ્ણ ઉપર, તેઓની લીલા ચરિત્ર પર, ગુરુ પરંપરા પર અને આપણી સંસ્કૃતિ અને સભ્યતા પર એક વિચારધારા અંતર્ગત પ્રહારો થઈ રહ્યા છે.આજે હું અહીં હેડ ઓફિસ આવી મારી રજૂઆત કરી છે. આપણા ધર્મ પર થઈ રહેલા આક્રમણ કદાપી ન ચલાવી લેવામાં આવે. ત્વરિત ધોરણે ઓટીટી પ્લેટફોર્મનો દુરુપયોગ કરીને યશરાજ ફિલ્મ મહારાજ પ્રસ્તુત કરવામાં આવી રહી છે. મહારાજ’ ફિલ્મ પર લાગેલા સ્ટે મામલે ગુજરાત હાઈકોર્ટમાં છેલ્લા ત્રણ દિવસથી સુનાવણી હાથ ધરાઈ હતી.જેમાં બંને પક્ષકાર દ્વારા દલીલો કરવામાં આવી હતી અને ફિલ્મ પર સ્ટે યથાવત્ રાખવામાં આવ્યો હતો. ગઈકાલે ગુજરાત હાઈકોર્ટે મહારાજ ફિલ્મ પરથી સ્ટે હટાવી દીધો છે.

હાઈકોર્ટે લગભગ ૧ કલાક અને ૨૫ મિનિટ સુધી જજમેન્ટ ડિકટેટ કર્યું અને નોંધ્યું હતું કે, હાઈકોર્ટે ફિલ્મ જોઈ તેમાં કોઈ નકારાત્મક બાબત લાગી નથી. ફિલ્મ ધાર્મિક લાગણીઓ દુભાવનારી નથી. હાઈકોર્ટે વચગાળાનો સ્ટે દૂર કરતા હવે નેટફ્લિક્સ અને યશરાજ ફિલ્મ્સ આ મૂવી રિલીઝ કરી શકશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નીટ મામલે દોષીઓને આકરી સજા મળે

નીટ પરીક્ષામાં ગરબડ પર કેટલાય ચરણોમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના ખુલાસાથી સાફ છે કે દાળમાં ઘણું કાળું છે. બિહાર અને ગુજરાત પોલીસની તપાસથી જો પેપર લીક પણ સાબિત થઈ જાય તો પછી આખી દાળ જ કાળી કહી શકાય. પેપર લીક વિશે એનટીએએ ઈનકાર કર્યો છે. પરંતુ નકલ અને ઈંપર્સોનેશન, એટલે કે કોઈ બીજાએ પરીક્ષા આપી હોય તેવા આરોપ સાચા સાબિત થઈ રહ્યા છે. નીટે હવે માની લીધું છે કે અયોગ્ય સાધનોનો ઉપયોગ કરવાના ૬૩ કેસો સામે આવ્યા છે. તેમાંથી ૨૩ને અલગ-અલગ અવધિ માટે પરીક્ષાથી વંચિત કરી દેવામાં આવ્યા છે અને બાકી ઉમેદવારોના પરિણામો રોકી દેવાયા છે. કેન્દ્ર સરકારના પ્રસ્તાવ અનુસાર ગ્રેસ માર્કને ખતમ કરીને ૧૫૬૩ છાત્રોની ફરી પરીક્ષા કરાવવા સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી દીધી છે. તેમનું રિઝલ્ટ ૩૦ જૂન પહેલાં આવવાથી કાઉન્સેલિંગમાં વધુ વિલંબ નહીં થાય.

બહુ વિરોધ અને સોશયલ મીડિયામાં વધી રહેલા દબાણ બાદ કેન્દ્ર સરકારે આંશિક કાર્યવાહી કરી છે. આખા મામલે કેટલાય પ્રકારની વિસંગતિઓ, વિરોધાભાસ અને અપરાધિકતાના પાસાં પર તપાસ અને કાર્યવાહીનો મુદ્દો હજુ ઊભો છે. પરીક્ષામાં આવેદન કરવાની તારીખમાં વિના કારણે વધારો અને બે અઠવાડિયા પહેલાં જ રિઝલ્ટ જાહેર થવાથી પેદા થયેલ શંકાનું નિરાકરણ પણ જરૂરી છે. પરીક્ષાઓ અને નોકરીઓમાં વધી રહેલ ગરબડોને નેતાઓ અને રાજનીતિ સાથે ચોલી-દામનનો સાથ છે. લોકસભા ચૂંટણી દરમ્યાન પશ્ચિમ બંગાળમાં હાઈકોર્ટે હજારો શિક્ષકોની નિયુક્તિ રદ્દ કરી દીધી, જેના પર બાદમાં સુપ્રીમ કોર્ટે રોક લગાવી. એટલે ચૂંટણી પરિણાવાળા દિવસે એડવાન્સમાં રિઝલ્ટ જાહેર કરવા પર થઈ રહેલ ટીકા પર સરકાર તરફથી સ્પષ્ટતા જરૂરી છે. રાજ્યોમાં પોલીસની તપાસ, નિષ્ક્રિય કેન્દ્ર સરકાર, એનટીએની શંકાસ્પદ તપાસ સમિતિ, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં જલેબીની જેમ જટલિ થતા કેસોથી છાત્રો અને તેમના પરિજનોમાં ગુસ્સો અને નિરાશા વધી રહી છે. લોકસભા ચૂંટણીમાં એક તૃતિયાંશ વોટરોએ વોટ નથી નાખ્યા, કારણ કે યુવાઓમાં સિસ્ટમ પ્રત્યે નિરાશા હતી. સુપ્રીમ કોર્ટમાં નીટ સાથે જોડાયેલ કેસોમાં મેમાં જ ત્વરિત સુનાવણી થાત તો કદાચ આટલી બબાલ ન થાત. જો નીટની પવિત્રતા પ્રભાવિત થઈ છે, તો સમય પર ન્યાય આપીને જજોએ બંધારણના શપથ પૂરા કરવા જ જોઈએ. મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી અને યુનિવર્સિટી કોલેજોમાં પ્રવેશ માટે પરીક્ષા આયોજિત કરનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સોશયલ મીડિયામાં નેશનલ ઠગાઈ એજન્સીના નામે ચીડવવામાં આવે છે.

ચૂંટણીમાં રોજગાર અને શિક્ષણના મુદ્દા સૌથી મહત્ત્વના હતા. નીટ પરીક્ષામાં થયેલ ગોબાચારી પર સમયસર કાર્યવાહી ન થઈ, કે એના પર વ્યાપમની જેમ લાંબી ખીચડી પાકી, તો યુવાઓનો બંધારણીય સંસ્થાઓ પર ભરોસો ઓર ડગી શકે છે. જે સેન્ટરોમાં નકલ, ગરબડ અને ખોટી રીતે ગ્રેસ માર્ક આપવાના આરોપ છે, એવા તમામ શંકાસ્પદ છાત્રો, તેમના વાલીઓ, કોચિંગ સંસ્થાઓ અને પરીક્ષા કેન્દ્રના ઈન્ચાર્જ લોકોનો લાઈવ નાર્કો ટેસ્ટ થવો જોઈએ. એનાથી મેરિટવાળા છાત્રોનો સિસ્ટમમાં ભરોસો વધવાની સાથે જ ભવિષ્યમાં ગરબડ કરવાના મનસૂબા ધ્વસ્ત થશે. પારદર્શી અને નિષ્પક્ષ રીતે ઠોસ કાર્યવાહી કરીને નવી સરકારે જનતાનું દિલ જીતવાની કોશિશ કરવી જોઈએ. નહિ તો તમિલનાડુ સરકારની વાત સાચી સાબિત થશે કે નીટની પરીક્ષા પ્રણાલી ગરીબ અને ગ્રામીણ વિરોધી છે. તક્ષશિલા અને નાલંદાના દિવસોથી ભારતમાં વિદ્યાર્થીઓનું બૌદ્ધિક સ્તર અને તેમની ગુણવત્તા ઉચ્ચ કોટિની રહી છે. વિકસિત ભારત માટે આપણે જનસંખ્યાકીય લાભાંશની વાત કરીએ છીએ, પરંતુ બાબુશાહી અને ભ્રષ્ટાચારને કારણે યોગ્ય બાળકો અમેરિકા, યુરોપ, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જઈને પૈસા અને નામ કમાવામાં વધારે ઈચ્છુક છે.

ઉદારીકરણ બાદ શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રોમાં મોટા પાયે નફાની સંસ્કૃતિ વધી. મેડિકલનું શિક્ષણ સૌથી વધુ ખર્ચાળ છે. નીટ પરીક્ષા પાસ કરાવવાના નામે કોચિંગ અને સોલ્વર ગેંગની વધતી જાળ દેશનું મોટું કેન્સર છે. મહામારીઓ અને બીમારીઓનો સામનો કરવા માટે આપણે યોગ્ય, માનવીય અને બહેતરીન ડોક્ટરો જોઈએ. સંસદમાં એક તૃતિયાંશ સાંસદ અપરાધિક પૃષ્ઠભૂમિના છે, જેનાથી લોકતંત્ર અને બંધારણ બંને ખતરામાં છે. આ પ્રકારે જો કોચિંગ માફિયાના ભ્રષ્ટ સહયોગથી ખોટા લોકો મેડિકલ પ્રોફેશનમાં આવી ગયા તો ભયાવહ સ્થિતિ પેદા થઈ શકે છે. રાજકીય હસ્તક્ષેપ, કોચિંગ માફિયા, ધનબળને કારણે પ્રભાવથી ગરબડને કારણે શિક્ષણની સાથે નોકરીઓની ગુણવત્તા ઘટવાથી શૈક્ષણિક અરાજકતા વધી રહી છે. કોચિંગ માફિયા અને સોલ્વર ગેંગની ભ્રષ્ટ મિલીભગતથી અયોગ્ય અને ધનપશુઓના મેડિકલ પ્રોફેશનમાં આવવાથી આખી સામાજિક વ્યવસ્થાનું અસ્તિત્વ જ ખતરામાં પડી શકે છે. વ્યાપમ કૌભાંડથી સ્પષ્ટ છે કે પોલીસ અને સીબીઆઈની લાંબી તપાસ બાદ પીડિત લોકોનું ભવિષ્ય અંધારી સુરંગના હવાલે થઈ જાય છે. જનહિત અરજીના નામે પબ્લિસિટીનો કારોબાર વધવા છતાં પીડિતોને ન્યાય નહિ મળવો બેહદ ચિંતાજનક છે. ૨૦૨૨ની નીટ પરીક્ષા સાથે જોડાયેલ કેસોને અર્થહીન ગણાવતાં સુપ્રીમ કોર્ટના જજોએ અરજીને રદ્દ કરી દીધી છે. આ મામલો વ્યાપમની જેમ ભટકી ન જાય તેના માટે હાઈકોર્ટમાં ચાલી રહેલ તમામ કેસોને સુપ્રીમ કોર્ટે પોતાની પાસે હસ્તાંતરિત કરાવવા જોઈએ. અપરાધ અને ગરબડના તમામ પાસાં અદાલત સામે આવી શકે, તેના માટે એમિકસ ક્યૂરી (ન્યાયમિત્ર વકીલ)ની નિયુક્તિ કરવાની જરૂર છે.

સુપ્રીમ કોર્ટમાં નીટ સાથે જોડાયેલ મામલે મેમાં જ ત્વરિત સુનાવણી થાત તો કદાચ આટલી બબાલ ન થાત. જો નીટની પવિત્રતા પ્રભાવિત થઈ છે તો સમય પર ન્યાય આપીને જજોએ બંધારણની શપથ પૂરી કરવી જોઈએ. મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી અને યુનિવર્સિટી કોલેજોમાં પ્રવેશ માટે પરીક્ષા આયોજિત કરનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સોશયલ મીડિયામાં નેશનલ ઠગ એજન્સીના નામે મજાક ઉડાવવામાં આવે છે. ડોક્ટરીની પ્રવેશ પરીક્ષા નીટમાં અનેક પ્રકારની ગરબડ, છેતરપિંડી અને પેપર લીકથી લાખો પરિવારોનું સપનું તૂટવાની સાથે જ બાળકો મનોરોગ અને બીમારીઓનો શિકાર થઈ રહ્યા છે. મેડિકલવાળી નીટમાં ઓફલાઈન પરીક્ષા અને એન્જિનિયરિંગની જેઈઈમાં ઓનલાઈન પરીક્ષાના બેવડા વલણથી પણ સમાજમાં બેચેની છે. પ્રતિભાને ઉત્તેજન આપવાના નામે બનાવવામાં આવેલ એનટીએ પરીક્ષા પ્રણાલીમાં વ્યક્તિગત મેરિટને આંકવાની યોગ્ય પ્રણાલી નહીં બનવાથી કોચિંગ સંસ્થાઓનો ધંધો વધુ ને વધુ વેગ પકડતો જાય છે. સપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે અમેરિકામાં એક ભાષણમાં કહ્યું હતું કે તમામ કેસોને અદાલતોમાં લઈ જવા યોગ્ય નથી.પરીક્ષાઓમાં ગરબડ અને કોચિંગના ગોરખધંધાને રોકવા માટે નીટ વિવાદ સાથે જોડાયેલા તમામ દોષીઓને વહેલી તકે કઠોર દંડ મળવો જોઈએ.

### GST કાઉન્સિલની બેઠકમાં મોટી જાહેરાત

# દૂધ પર લાગશે એકસમાન ટેક્સ, રેલવે પ્લેટફોર્મ ટિકિટ થશે સસ્તી

## ટેક્સ ડિમાન્ડ નોટિસ પર પેનલ્ટી પર વ્યાજ માફ કરવાની ભલામણ : ફેર્ટીલાઈઝર સેક્ટર પર ૫ ટકા GST રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૪

વર્ષની પ્રથમ GST કાઉન્સિલની બેઠકમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણાં પ્રધાનો પણ સામેલ થયા હતા. નાણામંત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં આ માહિતી આપી હતી અને કહ્યું હતું કે GST કાઉન્સિલે GST કાયદાની કલમ ૭૩ હેઠળ જારી કરાયેલ ડિમાન્ડ નોટિસ પર વ્યાજ અને દંડ માફ કરવાની ભલામણ કરી છે.

ભારતીય રેલવે દ્વારા પ્લેટફોર્મ ટિકિટ જેવી સેવાઓને જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું કે GST કાઉન્સિલે તમામ દૂધના ડબ્બાઓ પર ૧૨ ટકાના એકસમાન દરની ભલામણ કરી છે. કાઉન્સિલે ટેક્સ ડિમાન્ડ નોટિસ પર પેનલ્ટી પર વ્યાજ માફ કરવાની ભલામણ કરી છે. GST કાઉન્સિલે ટેક્સ અધિકારીઓ દ્વારા અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરવા માટે રૂા. ૨૦ લાખની મર્યાદાની ભલામણ કરી છે. જેમાં હાઈકોર્ટ માટે ૧ કરોડ અને સુપ્રીમ કોર્ટ માટે ૨ કરોડ રૂપિયાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. GST કાઉન્સિલે શૈક્ષણિક સંસ્થાઓની બહાર હોસ્ટેલ આવાસ દ્વારા મેળવેલી આવક પર વ્યક્તિ દીઠ ૨૦,૦૦૦ રૂપિયાની છૂટ આપી છે.

આંધ્ર પ્રદેશના નાણા પ્રધાન પી કેશવે શનિવારે જણાવ્યું હતું કે GST ફેર્ટીલાઈઝર સેક્ટરને વર્તમાન ૫ ટકા GSTમાંથી મુક્તિ આપવા માટે મંત્રી જૂથને ભલામણ મોકલી છે. હવે કાઉન્સિલ આ મુદ્દા પર વિચાર કરશે. કાઉન્સિલે ફેર્ટીલાઈઝર ઉત્પાદક કંપનીઓ અને ખેડૂતોના હિતમાં પોષક તત્ત્વો અને કાચા માલ પર GST ઘટાડવાની ચર્ચા કરી હતી. ફેબ્રુઆરીમાં કેમિકલ અને ફર્ટિલાઈઝર્સ પરની સ્ટેન્ડિંગ કમિટીએ આ ભલામણ કરી હતી.

હાલમાં, ખાતરો પર ૫ ટકાના દરે GST વસૂલવામાં આવે છે, જ્યારે સલ્ફ્યુરિક એસિડ અને એમોનિયા જેવા કાચા માલ પર ૧૮ ટકાનો GST દર છે. GST કાઉન્સિલની ૫૩મી બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા કેશવે જણાવ્યું હતું કે ખાતરો પર જીએસટી દર ઘટાડવાનો પ્રસ્તાવ મંત્રી જૂથ (GoM)ને મોકલવામાં આવ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૧ અને જૂન ૨૦૨૨માં આયોજિત ૪૫મી અને ૪૭મી બેઠકમાં ખાતર પરના ટેક્સમાં ઘટાડો કરવાનો મુદ્દો GST કાઉન્સિલ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. જોકે, તે સમયે કાઉન્સિલે દરોમાં કોઈ ફેરફારની ભલામણ કરી ન હતી. GST કાઉન્સિલની બેઠક આઠ મહિના બાદ શનિવારે મળી હતી. કાઉન્સિલની છેલ્લી બેઠક ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ મળી હતી. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું, કે 'અમારો ઉદ્દેશ્ય GST ટેક્સપેયર્સની જિંદગી વધુને વધુ સરળ બનાવવા પર છે. ટેક્સપેયર્સને ક્યાંયથી પણ કારણ વગર નોટિસ આપવામાં આવતી નથી.' ખાસ વાત એ છે કે GST કાઉન્સિલની આ ૫૩મી મીટિંગમાં ઓનલાઈન ગેમિંગ પર GST મુદ્દે કોઈ ચર્ચા કરવામાં આવી નથી. આ વિષયને મીટિંગના એજન્ડામાં સામેલ કરવામાં આવ્યો નહોતો.

### હાલ ટામેટાના ભાવમાં રાહતની કોઈ આશા નથી

# ટામેટાએ ફટકારી સદી, વરસાદમાં સ્થિતિ વધુ બગડવાની આશંકા

## ગરમીના કારણે શાકભાજીના ઉત્પાદનમાં મોટું નુકસાન

નવી દિલ્હી, તા.૨૪

આ વર્ષે કાળઝાળ ગરમીએ શાકભાજી અને ફળોના ઉત્પાદન પર પ્રતિકૂળ અસર કરી છે. જેના કારણે સમગ્ર દેશમાં ડુંગળી, બટેટા અને ટામેટા જેવી આવશ્યક શાકભાજીના ભાવ ઝડપથી વધી રહ્યા છે. બજારોમાં આ શાકભાજીની અછતના કારણે ભાવ સતત વધી રહ્યા છે. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં લોકોને ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ટામેટાં ખરીદવા પડે છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર પણ ટામેટાની કિંમત ૯૦ થી ૯૫ રૂપિયા પ્રતિ કિલો ચાલી રહી છે. મહારાષ્ટ્ર ઉપરાંત તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પણ ટામેટાના ભાવ ૮૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોની વચ્ચે ચાલી રહ્યા છે.

દર વર્ષે ચોમાસામાં શાકભાજીના ભાવમાં વધારો થાય છે. પાક પર વરસાદની અસરને કારણે દર વર્ષે ભાવ વધવા લાગે છે. પરંતુ, આ વર્ષે ભારે ગરમીના કારણે શાકભાજીના ઉત્પાદનમાં પણ મોટું નુકસાન થયું છે. જેના કારણે ચોમાસાના આગમન પહેલા જ ભાવ વધવા લાગ્યા છે. વરસાદને કારણે માત્ર ઉત્પાદનને જ અસર થતી નથી પરંતુ પેકેજીંગ અને ટ્રાન્સપોર્ટેશન દરમિયાન શાકભાજીનો મોટો જથ્થો પણ બગડે છે. ગયા વર્ષે ટામેટાના ભાવમાં થયેલા જંગી વધારાને કારણે આ વર્ષે મહારાષ્ટ્રના ખેડૂતોએ મોટા પ્રમાણમાં ટામેટાંનું ઉત્પાદન કર્યું હતું. પરંતુ, ઉનાળાએ ટામેટાંનું એટલું ઉત્પાદન થવા દીધું ન હતું. ખેડૂતોએ સીએનબીસી ટીવી ૧૮ને જણાવ્યું કે મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં ગયા વર્ષની સરખામણીમાં ૪ ગણા વધુ ટામેટાંનું વાવેતર થયું છે. આમ છતાં ઉનાળાના કારણે વધુ ઉત્પાદન થઈ શક્યું નથી. રાજ્યના જુનાર પ્રદેશમાં દર વર્ષે ટામેટાંના એકર દીઠ આશરે ૨૦૦૦ કાર્ટનનું ઉત્પાદન થાય છે. આ વર્ષે ઉત્પાદન ઘટીને માત્ર ૫૦૦ થી ૬૦૦ કાર્ટન પ્રતિ એકર થયું છે. અન્ય વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ છે.

હાલમાં ટામેટાના ભાવમાં જનતાને કોઈ રાહત મળવાની આશા નથી. વરસાદની મોસમમાં પણ લોકોને ભાવ વધારાનો સામનો કરવો પડશે. આ વર્ષે ચોમાસું નબળું રહેવાની આશંકા છે. જેના કારણે ટામેટાના ઉત્પાદનમાં કોઈ ખાસ સુધારો જોવા મળતો નથી. ચોમાસામાં વિલંબ થવાને કારણે માત્ર ખરીફ પાકની વાવણીમાં જ વિલંબ થશે નહીં પરંતુ ટામેટાંનું ઉત્પાદન પણ નબળું રહેવાની શક્યતા છે. આનાથી સપ્લાય ચેઈન પર નકારાત્મક અસર પડશે.

### તે ફિંગર સ્પિનરો માટે નુકશાનકારક છે : ગંભીર

# ગૌતમ ગંભીરે ICCના નિયમ સામે ઉઠાવ્યા સવાલ

નવી દિલ્હી, તા.૨૪

ભારતના ભૂતપૂર્વ ઓપનર ગૌતમ ગંભીરે ICCને મર્યાદિત-ઓવરના ફોર્મેટમાં બે બોલના નિયમ પર ફરી એકવાર વિચાર કરવા વિનંતી કરી હતી, અને કહ્યું કે, તે ફિંગર સ્પિનરો માટે યોગ્ય નથી. ICCએ ઓક્ટોબર ૨૦૧૧માં વન-ડે મેચમાં આ વિશેષ નિયમ લાગુ કર્યો હતો. ગંભીરે આ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સના 'રાઈઝ ટુ લીડરશીપ' ટોક શો દરમિયાન ગંભીરે કહ્યું કે, "એક વસ્તુ હું ચોક્કસપણે બદલવા માંગુ છું કે, સફેદ બોલના ફોર્મેટમાં બે નવા બોલનો ઉપયોગ કરવો." કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે, બે નવા બોલનો ઉપયોગથી ફિંગર સ્પિનરોને નુકસાન થાય છે અને ઝડપી બોલરોને રિવર્સ સ્વિંગની તક ઓછી થઈ જાય છે.

રાહુલ દ્રવિડ બાદ ભારતીય ટીમના કોચ બનવાની રેસમાં ચાલી રહેલા ગંભીરે કહ્યું, "આ ફિંગર સ્પિનરો માટે ખૂબ જ અયોગ્ય છે, એટલે હવે પૂરતી મર્યાદિત ઓવરોની ક્રિકેટ નથી રમી શકતા. આ બરોબર નથી." ગંભીરે નિયમની ખામીઓ પર ચર્ચા કરતા કહ્યું કે "તે ફિંગર સ્પિનરો માટે નુકશાનકારક છે, કારણ કે આ તેમની સાથે અન્યાય છે. મને ખબર નથી કે ક્રિકેટની ભાવના શું કહે છે, કારણ કે દરેક રમત સાચી ભાવના સાથે રમાય છે. પરંતુ એક વસ્તુ હું ચોક્કસપણે બદલવા માંગીશ, અને તે બે નવા બોલમાંથી છુટકારો મેળવવો."

ICC નું કામ એ સુનિશ્ચિત કરવાનું છે, કે દરેકને તેમની પ્રતિભા દર્શાવવાની સમાન તક મળે, પરંતુ જ્યારે તમે ખેલાડીઓના અમુક ચોક્કસ વર્ગમાંથી તે પ્રતિભા છીનવી લો છો, તે ખૂબ જ અયોગ્ય છે. આજે, તમે ભાગ્યે જ કોઈ ફિંગર સ્પિનરને સફેદ-બોલ ક્રિકેટ રમતા જોશો.. કેમ શા માટે? આ માટે તેને દોષી ઠેરવવા જોઈએ નહીં, પરંતુ આઈસીસીને તેના માટે દોષીત ઠેરવવી જોઈએ. મારા માટે એક વસ્તુ જેમાંથી હું છૂટકારો મેળવવા માંગુ છું, તે છે બે નવા બોલ, કારણ કે તે બેટ અને બોલ વચ્ચેના મુકાબલા અને વધારે સમાન થઈ જાય છે.

ગંભીરે કહ્યું, "હવે કોઈ રિવર્સ સ્વિંગ નથી... ફિંગર સ્પિનર અથવા ડાબા હાથના સ્પિનર માટે કંઈ નથી. એટલા માટે એક એવી વસ્તુ છે જે હું બદલવા માંગુ છું, અને આશા છે કે તે ખૂબ જ જલ્દી બદલાઈ જશે, કારણ કે આપણે બેટ અને બોલ વચ્ચે સંતુલન રાખવાની જરૂર છે."

# આણંદ કોલેરાગ્રસ્ત જાહેર, ઝાડા ઉલટીના અનેક કેસ સામે આવતા તંત્ર થયું દોડતું

આણંદ, તા.૨૪

શહેરમાં ઝાડા-ઉલટીના અનેક કેસ સામે આવ્યા હતા. જેમાંથી બે કેસ કોલેરા પોઝિટિવ આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. પાણીના નમૂના લેવા અને લાઈનો ચેક કરવા તંત્ર દ્વારા આદેશ અપાયો છેએક તરફ ગરમી બીજી તરફ વરસાદી ઝાપટા એમ બેવડી ઋતુની વચ્ચે હવે ગુજરાતમાં અનેક શહેરોમાં રોગચાળાએ માઝા મુકી છે.

વાત કરીએ આણંદની તો આણંદ શહેરને કોલેરાગ્રસ્ત જાહેર કરાયું છે. શહેરમાં ઝાડા-ઉલટીના અનેક કેસ સામે આવ્યા હતા. જેમાંથી બે કેસ કોલેરા પોઝિટિવ આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. પાણીના નમૂના લેવા અને લાઈનો ચેક કરવા તંત્ર દ્વારા આદેશ અપાયો છે. ઈસ્માઈલનગર, પધરીયા મેલડીમાતા મંદિર મંગળપુર વગેરે વિસ્તારોમાં ઝાડા-ઉલટીના દર્દીઓ સામે આવ્યા છે. પાણીના નમૂના લેવાની કામગીરી શરુ

આ અગાઉ સોજીત્રા અને પેટલાદ તાલુકાના ગામોને પણ કૉલેરાગ્રસ્ત જાહેર કરાયા હતા. આણંદ શહેરમાં ઝાડા-ઉલ્ટી કૂદકેને ભૂસકે દર્દીઓ વધી રહ્યાં છે. કેટલાક દર્દીઓના કૉલેરા રિપોર્ટ પૉઝિટીવ આવ્યા છે, જેના પછી તંત્ર એક્શનમાં આવ્યુ છે અને ઠેર ઠેર પાણીના નમૂના લેવામાં આવી રહ્યાં છે અને પાણીની લાઈનો ચેક કરાઈ રહી છે.

કોલેરા એક બેક્ટેરિયાને કારણે થાય છે જે આપણા ખોરાક અથવા પાણી દ્વારા આપણા શરીરમાં પહોંચે છે. તે મળ, પેશાબ અને ગંદકી દ્વારા ફેલાય છે. શાકભાજી અને સલાડને બરાબર ન ધોવામાં આવે અથવા ગંદા પાણીથી ધોવામાં આવે તો કોલેરાનો ખતરો રહે છે. કોલેરાના લક્ષણો જુદા જુદા લોકોમાં જુદા જુદા સમયે ઉદભવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આળસમાં દરિદ્રતાનો વાસ હોય છે.

- સંત તિરુવલ્લુવર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૩, તા.૨૪ જૂન ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૭, ઉત્તરાષાઢા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૨૪-૦૬-૨૦૨૪ થી ૩૦-૦૬-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શકયતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂં રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારું અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમિયાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારું નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીનો લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ પર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

### કોન્સ્ટેબલની ભરતી પરીક્ષામાં પેપર લીક મામલે મોટી કાર્યવાહી કરાઈ

# યુ.પી.માં પોલીસ ભરતીની પરીક્ષા સાથે જોડાયેલ ગુજરાતની કંપની બ્લેક લિસ્ટ

### રાજ્યમાં છાશવારે પેપર લીક-પરીક્ષામાં ગેરરીતિના બનાવો વચ્ચે કંપનીએ ત્યાં પણ પોત પ્રકાશ્યું !

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં તો પેપર લીક સહિત પરીક્ષામાં ગેરરીતિના બનાવો વારંવાર બની રહ્યા છે ત્યારે હવે ગુજરાતની સંસ્થાએ યુ.પી.માં પણ ભરતી પરીક્ષામાં પોત પ્રકાશ્યું હોવાના અહેવાલો જાણવા મળી રહ્યા છે. ઉત્તરપ્રદેશ પોલીસ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષા પેપર લીક મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. કોન્સ્ટેબલની ભરતીની પરીક્ષા આપતી કંપની એજ્યુટેસ્ટ કંપનીને બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. બ્લેક લિસ્ટ કરવામાં આવેલી કંપની ગુજરાતની હોવાનું સામે આવી રહ્યુ છે. તપાસ દરમ્યાન એસટીએફને કંપનીની બેદરકારીના પુરાવા મળ્યા છે. આ સિવાય અનેક નોટિસો છતાં કંપનીના ડાયરેક્ટર વિનીત આર્યએ STF સમક્ષ પોતાનું નિવેદન નોંધ્યું ન હતું. કહેવામાં આવી રહ્યું છે કે, કંપનીના ડાયરેક્ટર વિનીત આર્ય અમેરિકામાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬૦,૨૪૪ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષાનું પેપર લીક થયું હતું, ત્યારબાદ પરીક્ષા રદ કરવામાં આવી હતી. પેપર લીક થયા બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૬ મહિનામાં ફરીથી પેપર લેવાના નિર્દેશ આપ્યા હતા. તેથી પુર્નઃ પરીક્ષાની તારીખ પણ ટૂંક સમયમાં જાહેર થઈ શકે છે. બીજી તરફ, પોલીસ ભરતી બોર્ડ કોન્સ્ટેબલની ભરતીની લેખિત પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત છે. ભરતી બોર્ડે પોલીસ કપ્તાન પાસેથી તિજોરીની સુરક્ષા અંગેનો રિપોર્ટ માંગ્યો છે. જ્યાં પરીક્ષા સામગ્રી રાખવામાં આવી હતી. ભરતી બોર્ડેએ પણ પૂછ્યું છે કે તમારા કોષાગાર કેટલા સુરક્ષિત છે? તિજોરીના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોની માહિતી માંગવામાં આવી છે. આ સાથે કોષાગારની લોકીંગ સિસ્ટમ અને સીસીટીવી કેમેરાની પણ માહિતી માંગવામાં આવી છે. ખરેખર, આ વખતે ભરતી બોર્ડ બેદરકાર રહેવાના મૂડમાં નથી. તેથી, પરીક્ષાની તારીખ જાહેર કરતા પહેલા, તે ખાતરી કરવા માંગે છે કે જ્યાં ભરતી પરીક્ષાનું પેપર રાખવામાં આવશે તે સ્થળ સંપૂર્ણપણે સલામત છે કે નહીં. કહેવામાં આવી રહ્યું છે કે, પોલીસને રિપોર્ટ મળતા જ પરીક્ષાની તારીખની જાણ કરવામાં આવશે.

# ૧૯૮૦ અને ૨૦૨૦ની વચ્ચે ગ્રહ ઉપર ગરમી વધારતા નાઈટ્રસ ઓક્સાઈડ ગેસનું ઉત્સર્જન ૪૦ ટકા વધ્યું : અભ્યાસ

(એજન્સી) તા.૨૪

ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટના અભ્યાસમાં જણાવાયું હતું કે, ૧૯૮૦ અને ૨૦૨૦ની વચ્ચે ગ્રહ ઉપર ગરમી વધારતા નાઈટ્રસ ઓક્સાઈડ ગેસના ઉત્સર્જનમાં ૪૦ ટકાનો વધારો થયો છે. ચીન (૧૬.૭ ટકા), ભારત (૧૦.૯ ટકા), યુએસ (૫.૭ ટકા), બ્રાઝિલ (૫.૩ ટકા) અને રશિયા (૪.૬ ટકા) કાર્બન ડાયોક્સાઈડ અને મિથેન કરતાં વધુ શક્તિશાળી ગેસના ઉત્સર્જકોમાં ટોચના પાંચ છે. જો કે, માથાદીઠ ઉત્સર્જનની વાત કરીએ તો પરિસ્થિતિ અલગ સર્જાય છે. ભારતમાં માથાદીઠ **0.8 kg N2O**/વ્યક્તિનું સૌથી ઓછું ઉત્સર્જન છે, અન્ય ટોચના ઉત્સર્જકો માટે **kg N2O**/ વ્યક્તિના આંકડા ચીન **1.3**, **US** ૧.૭, બ્રાઝિલ ૨.૫ અને રશિયા ૩.૩ છે. અભ્યાસમાં જણાવાયું છે કે, વાતાવરણમાં નાઈટ્રસ ઓક્સાઈડનું ઊંચું પ્રમાણ ઓઝોન સ્તરને ક્ષીણ કરી શકે છે અને આબોહવા પરિવર્તનની સંયોજન અસરો કરી શકે છે. પૃથ્વી ઉપર, અધિક નાઈટ્રોજન જમીન, પાણી અને વાયુ પ્રદૂષણમાં ફાળો આપે છે. કૃષિ ઉત્પાદન અને પશુપાલન એ નાઈટ્રસ ઓક્સાઈડના બે મુખ્ય માનવ-સંચાલિત સ્ત્રોત હતા. અભ્યાસ મુજબ, છેલ્લા દાયકામાં કૃષિ ઉત્પાદને મુખ્યત્વે નાઈટ્રોજન ખાતરો અને પશુ ખાતરના ઉપયોગને કારણે, કુલ એન્થ્રોપોજેનિક નાઈટ્રસ ઓક્સાઈડ ઉત્સર્જનમાં ૭૪ ટકા ફાળો આપ્યો હતો. અભ્યાસમાં જણાવાયું છે કે, 'કૃષિ ઉત્સર્જન ૨૦૨૦માં ૮૦ લાખ મેટ્રિક ટન ઉપર પહોંચી ગયું છે, જે ૧૯૮૦માં પ્રકાશિત ૪૮ લાખ મેટ્રિક ટનથી ૬૭ ટકા વધારે છે.' અભ્યાસ મુજબ વિશ્વના ખેડૂતોએ ૧૯૮૦માં ૬૦ કરોડ મેટ્રિક ટન કોમર્શિયલ નાઈટ્રોજન ખાતરોનો ઉપયોગ કર્યો હતો. ૨૦૨૦ સુધીમાં સેક્ટરે ૧૦.૭ કરોડ મેટ્રિક ટનનો ઉપયોગ કર્યો હતો. તે જ વર્ષે, ૨૦.૮ કરોડ મેટ્રિક ટનના સંયુક્ત વપરાશ માટે પશુ ખાતરે ૧૦.૧ કરોડ મેટ્રિક ટનનું યોગદાન આપ્યું હતું. આ અભ્યાસમાં ધ્યાનમાં લેવામાં આવેલા ૧૮ પ્રદેશોમાં માત્ર યુરોપ, રશિયા, ઓસ્ટ્રેલિયા અને જાપાન અને કોરિયામાં જ નાઈટ્રસ ઓક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો થયો હતો. ૧૯૮૦ અને ૨૦૨૦ની વચ્ચે યુરોપમાં સૌથી વધુ ઘટાડો થયો હતો, જે અશ્મિભૂત ઈંધણ અને ઉદ્યોગોના ઉત્સર્જનમાં ઘટાડો થવાના પરિણામે છે. બીજી તરફ ચીન અને દક્ષિણ એશિયામાં ૧૯૮૦થી ૨૦૨૦ દરમ્યાન નાઈટ્રસ ઓક્સાઈડ ઉત્સર્જનમાં સૌથી વધુ ૯૨ ટકાનો વધારો થયો હતો. બોસ્ટન કોલેજ ખાતે ગ્લોબલ સસ્ટેનેબિલિટીના શિલર ઈન્સ્ટિટ્યૂટ પ્રોફેસર, હેક્િન ટિયાને જણાવ્યું હતું કે, 'પેરિસ કરાર દ્વારા સ્થાપિત વૈશ્વિક તાપમાનમાં વધારો ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવા માટે માનવ પ્રવૃત્તિઓમાંથી નાઈટ્રસ ઓક્સાઈડ ઉત્સર્જનમાં ઘટાડો થવો જોઈએ.' 'નાઈટ્રસ ઓક્સાઈડના ઉત્સર્જનને ઘટાડવું એ એકમાત્ર ઉપાય છે કારણ કે આ સમયે એવી કોઈ તકનીકો અસ્તિત્વમાં નથી કે જે વાતાવરણમાંથી નાઈટ્રસ ઓક્સાઈડને દૂર કરી શકે.' અભ્યાસમાં નોંધ્યું હતું કે, નાઈટ્રસ ઓક્સાઈડ કુદરતી સ્ત્રોતો જેમ કે મહાસાગરો, અંતર્દેશીય જળાશયો અને માટીમાંથી પણ ઉત્સર્જિત થાય છે. આ સ્ત્રોતોએ ૨૦૧૦ અને ૨૦૧૯ની વચ્ચે ગેસના વૈશ્વિક ઉત્સર્જનમાં ૧૧.૮ ટકા યોગદાન આપ્યું હતું. કૃષિ પ્રવૃત્તિઓ અને સંબંધિત કચરો ઉત્પન્ન, બાયોમાસ બર્નિંગ, અશ્મિભૂત ઈંધણ અને ઉદ્યોગોએ મળીને ૨૦૧૦-૨૦૧૦માં વૈશ્વિક નાઈટ્રસ ઓક્સાઈડ ઉત્સર્જનમાં લગભગ છ ટકા યોગદાન આપ્યું હતું. આ અભ્યાસમાં તમામ મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓ માટે વૈશ્વિક ડેટાની તપાસ સામેલ છે જે નાઈટ્રસ ઓક્સાઈડના ઉત્સર્જન અને ૧૮ માનવશાસ્ત્રીય અને કુદરતી સ્ત્રોતો અને વૈશ્વિક નાઈટ્રસ ઓક્સાઈડના ત્રણ શોષક 'સિંક' તરફ દોરી જાય છે. વૈશ્વિક કાર્બન પ્રોજેક્ટ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન અને પૃથ્વી પ્રણાલી ઉપર માનવ પ્રવૃત્તિની અસરનું વિશ્લેષણ કરે છે અને જાહેર નીતિ અને આંતરરાષ્ટ્રીય ક્રિયાઓની જાણ કરવા માટે કાર્બન ડાયોક્સાઈડ, મિથેન અને નાઈટ્રસ ઓક્સાઈડ એમ ત્રણ મુખ્ય ગ્રહ-વોર્મિંગ વાયુઓના ઉત્સર્જનનું પ્રમાણ નક્કી કરે છે.

# 'પરીક્ષાની આગલી રાત્રે NEET પેપર મેળવ્યું, જવાબો ગોખી નાખ્યા' : ધરપકડ કરાયેલ વિદ્યાર્થી

### NEET પરીક્ષા પેપર વિવાદ : NEET-UG 2024 પેપર લીકના આરોપોને લઈને વિદ્યાર્થીઓના વિરોધોએ ગયા અઠવાડિયે દેશને હચમચાવી નાખ્યો

પટના, તા.૨૪

નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)માં ગેરરીતિઓના સળગતા મુદ્દાએ નવો વળાંક લીધો છે જેમાં ચાર ધરપકડ કરાયેલા શખ્સોએ કબૂલાત કરી છે કે તબીબી પ્રવેશ પરીક્ષાનું પ્રશ્નપત્ર આગલી રાત્રે લીક થયું હતું. NEET-UG 2024 પેપર લીક અને ૧,૫૦૦થી વધુ ઉમેદવારોને આપવામાં આવેલા ગ્રેસ માર્ક્સના આરોપોને લઈને વિદ્યાર્થીઓના વિરોધોએ ગયા અઠવાડિયે દેશને હચમચાવી નાખ્યો હતો. જ્યારે ગ્રેસ માર્કસ પાછળથી રદ કરી નાખવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને ફરીથી કસોટીની ઓફર કરવામાં આવી હતી જ્યારે શિક્ષણ પ્રધાન દ્વારા પેપર લીકનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. બિહારમાંથી ધરપકડ કરાયેલા ચાર માણસોમાં મહત્વાકાંક્ષી અનુરાગ યાદવ, તેના કાકા સિકંદર-દાનાપુર મ્યુનિસિપલ કાઉન્સિલના જુનિયર એન્જિનિયર-અને અન્ય બે વિદ્યાર્થી નીતિશ કુમાર અને અમિત આનંદનો સમાવેશ થાય છે. તેઓએ કબૂલ્યું કે તેમને પરીક્ષાના આગલા દિવસે પ્રશ્નપત્ર મળ્યો હતો અને તેને ગોખી નાખવાનું કહેવામાં આવ્યું હતું. બિહાર પોલીસને આપેલા નિવેદનમાં, તેઓએ કહ્યું કે બીજા દિવસે પરીક્ષામાં તે જ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. કોટાના કોચિંગ હબમાં પરીક્ષાની તૈયારી કરી રહેલા અનુરાગ યાદવે જણાવ્યું હતું કે, તેના કાકાએ તેને પાછા ફરવાનું કહ્યું કારણ કે તેણે પેપર લીક કરવાની યોજના બનાવી હતી. તેમણે કહ્યું, 'તું આ પેપર વાંચી લે અને રાત્રે તેના જવાબો ગોખી લે. જ્યારે હું પરીક્ષા માટે ગયો ત્યારે મને તે જ પ્રશ્નો મળ્યા જે મેં યોગ્ય રીતે યાદ રાખ્યા હતા. પરીક્ષા પછી, પોલીસે આવીને મને પકડી લીધો અને મેં મારો ગુનો કબૂલ કર્યો.' સિકંદરે દાવો કર્યો હતો કે અન્ય બે આરોપીઓ, નીતિશ કુમાર અને અમિત આનંદે તેમને કહ્યું હતું કે તેઓ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક કરી શકે છે અને દરેક ઉમેદવારને NEET પાસ કરવા માટે રૂા.૩૦-૩૨ લાખનો ખર્ચ થશે. તેણે પોલીસણે જણાવ્યું કે,'મેં સંમતિ આપી અને તેમને કહ્યું કે મારી પાસે ચાર છોકરાઓ છે (જેમને પરીક્ષા પાસ કરવામાં મદદની જરૂર છે). ૪ જૂને રાત્રે હું તેમને મારી સાથે લઈ ગયો અને નીતિશ કુમાર અને અમિત આનંદે તેમને પ્રશ્નપત્ર આપ્યું. લોભને લીધે મેં તેમની દરેકની પાસેથી રૂા.૩૦ લાખને બદલે રૂા.૪૦ લાખ માંગ્યા હતા. તેણે કહ્યું કે તે બીજા દિવસે વાહન ચેકિંગ દરમ્યાન વિદ્યાર્થીઓના એડમિટ કાર્ડ સાથે પકડાયો હતો અને તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. ૫ મેના રોજ લગભગ ૨૪ લાખ વિદ્યાર્થીઓએ અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સ માટે NEET-UG 2024 માટે પરીક્ષા આપી હતી. પરંતુ પરિણામ, જે શેડ્યૂલના ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા જાહેર કરવામાં આવ્યું હતું, તેમાં પ્રશ્નપત્ર લીક અને ૧,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્કસ આપવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે ભારે વિવાદ સર્જાયો હતો. વિરોધ પક્ષોએ કથિત હેરાફેરી, પેપર લીક અને ભ્રષ્ટાચારને લઈને સરકાર ઉપર નિશાન સાધતા આ મુદ્દાએ રાજકીય વળાંક પણ લીધો. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દલીલ કરી હતી કે ભાજપ શાસિત રાજ્યો 'પેપર લીકનું કેન્દ્ર' છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગયા અઠવાડિયે આ આરોપોને ફગાવી દીધા હતા. કોઈ હેરાફેરીના કોઈ પુરાવા ન હોવાનું જણાવતા, તેમણે વિપક્ષ ઉપર જુઠાણા ફેલાવવાનો આરોપ લગાવ્યો. સુપ્રીમ કોર્ટે, પરીક્ષામાં કથિત અનિયમિતતા અંગેની અરજીઓની બેચની સુનાવણી કરતી વખતે, નેશનલ ટેસ્ટિંગ એજન્સીની ભારે નિંદા કરી અને કહ્યું કે તેણે ખાતરી કરવી જોઈએ કે તમામ ઉમેદવારો સાથે ન્યાયી વર્તન કરવામાં આવે.

# અદાણી જૂથને SEZ માટે ગૌચરની જમીન આપવાના વિવાદમાં હાઈકોર્ટે ગુજરાત સરકારની કાઢી ઝાટકણી

અમદાવાદ, તા.૨૪

કચ્છના મુંદ્રા તાલુકાના નવી નાળ ગામની ગૌચરની કિંમતી જમીન ગુજરાત સરકાર દ્વારા અદાણી જૂથને એસઈઝેડ (સેઝ) માટે આપવાના વિવાદમાં હવે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજીની થયેલી સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે ટકોર કરી હતી કે આ ગૌચરની જમીન સરકારે પરત આપી દેવી જોઈએ. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે કલેક્ટર દ્વારા જો જામીન ફાળવણીમાં ભૂલ થઈ હોય તે સુધારી લેવી જોઈએ. ગામની ગૌચરની જમીન કેવી રીતે અન્ય હેતુ માટે આપી શકાય નહીં. ગૌચરની જમીન આપો તો પણ સામે વૈકલ્પિક ગૌચરની જમીન ઉપલબ્ધ કરાવવી જોઈએ. ગામથી છથી સાત કિલોમીટર દૂર જામીન ફાળવવાનો રાજ્ય સરકારની વાત યોગ્ય નથી. ત્યાંનું વાતાવરણ જુઓ અને તો કલ્પના કરો કે ગામ લોકોને આટલું દૂર ચાલીને જવું પડે તો કેવી તકલીફ પડે. આથી સરકારે જો આ બાબતે નીતિ ઘડી હોય તો તે હાઈકોર્ટ રદ બાતલ કરી શકે છે. સંપાદન કરાયેલી જમીન પરત આપી દેવી જોઈએ. ગામથી દૂર વૈકલ્પિક જમીન આપવાની સરકારની દરખાસ્ત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જમીન લેતા પહેલા જ આ બાબતે વિચારી લેવું જોઈએ અને તમે તમારા કૃત્યને વ્યાજબી ઠેરવી શકો નહીં. અમે આ ઓફર નકારી કાઢીશું અને અથવા તો તમારે તે પરત ખેંચી લેવી જોઈએ. હાઈકોર્ટે સરકાર અને કચ્છ કલેક્ટરના વિવાદીત નિર્ણયને લઈ ગંભીર નારાજગી વ્યકત કરી નવી નાળ ગામની ૧૦૭ હેકટર ગૌચરની જગ્યા પુર્નઃ યથાવત્ સ્થિતિમાં લાવી દેવા એડિશનલ એડવોકેટ જનરલને સૂચન અને ટકોર કરી હતી. એટલું જ નહીં, હાઈકોર્ટે સરકાર દ્વારા રજૂ કરાયેલા સોગંદનામાંને પણ સ્વીકારવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે, અમારે તમારૂં ખાતરી નહીં પરંતુ પગલાં જોઈએ છે. કચ્છ જિલ્લા કલેક્ટરે ગામમાં ગૌચરની જમીન માટે અન્ય જમીન નહીં હોવાથી ફાળવી શકાય તેમ નહીં હોવાનો સોંગદનામાંમાં જે બચાવ રજૂ કર્યો હતો, તેને હાઈકોર્ટે ફગાવ્યો હતો અને જણાવ્યું હતું કે, તમે આવું કહી ના શકો કે, તમારી પાસે ગૌચરની જમીન ફાળવવા માટે અન્ય જમીન નથી, જયારે પણ તમે ગૌચરની જમીન કોઈને અન્ય હેતુ માટે આપો છો ત્યારે તમારે સૌપ્રથમ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે, ગૌચર માટે વૈક્લ્પિક જમીન ઉપલબ્ધ છે કે નહીં. આ અંગેની વ્યવસ્થા કર્યા બાદ જ તમારે કોઈ નિર્ણય કરવો જોઈએ. દરમ્યાન રાજય સરકાર તરફથી આ સમગ્ર મામલે બે સપ્તાહનો સમય માંગવામાં આવતાં હાઈકોર્ટે બે સપ્તાહની મુદત આપી હતી અને રાજય સરકારના મહેસૂલ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી અને કચ્છ કલેક્ટરને અલગ-અલગ સોંગદનામાં રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી હતી.

# યુવાન વયે હાર્ટ-અટેક આવવા પાછળનાં કારણો શું છે ?

કોરોનરી આર્ટરી ડિસીઝ થવા પાછળ મુખ્યત્વે ખોટી લાઈફ-સ્ટાઈલ જવાબદાર હોય છે. આજે જાણીએ કયાં-કયાં પરિબળો છે જે આ રોગને તાણી લાવવામાં ખાસ ભાગ ભજવે છે અને એને કઈ રીતે અટકાવી શકાય

આજકાલ યુવાનોમાં હાર્ટ-અટેક દિવસે-દિવસે સામાન્ય બનતા જાય છે. યુવાનોમાં હાર્ટ-અટેક માટે જવાબદાર કારણોમાં ૮૦ ટકા કોરોનરી આર્ટરી ડિસીઝ જવાબદાર રહે છે. વીસ ટકા અન્ય કારણો હોઈ શકે છે. હૃદયમાં ત્રણ કોરોનરી આર્ટરી રહેલી છે. આ ત્રણમાંથી એકમાં પણ બ્લોકેજ હોય તો હૃદય ઉપર અસર આવી શકે છે, જેને લીધે યુવાન વયે હાર્ટ-અટેક આવતો હોય છે. આ કોરોનરી આર્ટરી ડિસીઝ એક લાઈફ-સ્ટાઈલ ડિસીઝ ગણાય છે. ખાસ કરીને ત્યારે જ્યારે એ યુવાનોમાં જોવા મળતો હોય. ઘણાં રિસર્ચ થયાં છે, જે આ સંબંધોને સ્થાપિત કરી ચૂક્યાં છે. આજે સમજીએ કે કયાં કારણોસર યુવાન વયે આ રોગ ઘર કરી રહ્યો છે. ત્રણ મહત્વની તકલીફો છે, જે ઘણી નાની ઉંમરે આજકાલ લોકોમાં જોવા મળે છે અને એ છે હાઈ બ્લડ-પ્રેશર, ડાયાબિટીઝ અને કોલેસ્ટરોલ. આ ત્રણેય રોગ મોટા ભાગે ખરાબ લાઈફ-સ્ટાઈલને કારણે લોકોમાં ઘર કરી જાય છે. આ ત્રણેય રોગોની અસર શરીરમાં લોહીની નસો પર થાય છે, જેને કારણે આ નસો ડેમેજ થાય છે અને એ નસોમાં કોલેસ્ટરોલ જમા થતો જાય છે. એને લીધે નસોમાં બ્લોકેજ બને છે. આ બ્લોકેજ લોહીને આગળ વધતું રોકે છે, જેને લીધે આ બ્લોકેજ હાર્ટ સુધી લોહી પૂરતા પ્રમાણમાં પહોંચવા દેતું નથી. સ્ત્રી અને પુરૂષ બંન્નેમાં આ રોગ ઘણી યુવાન વયે ઘર કરતા જોવા મળી રહ્યા છે અને આટલી યુવાન વયે આ રોગો થઈ શકે છે એવો સ્વીકાર સમાજમાં હજી જોવા મળતો નથી. એને કારણે ઘણા યુવાનો રેગ્યુલર ચેક-અપ કરાવતા નથી, જેને લીધે ઘણાને આ રોગ છે એવી ખબર હાર્ટ ઉપર અસર થયા પછી પડે છે. આ રોગોનાં કોઈ ખાસ ચિહ્નો જોવા મળતાં નથી. આમ સાઈલન્ટ કિલર્સની જેમ શરીરમાં વધતા રહે છે અને શરીરને નુકસાન પહોંચાડયા કરે છે. આ રોગો અને એને કારણે આવતા હાર્ટ-અટેક પાછળ આપણી કઈ ખોટી લાઈફ-સ્ટાઈલ જવાબદાર છે એ સમજીએ.

#### ડાયટ

આપણો ખોરાક આજકાલ ઘણો બદલાઈ ગયો છે, જેને કારણે આવા રોગો આપણા શરીરમાં ઘર કરી રહ્યા છે. એ વિશે સમજાવતાં ક્રિટિકેર હોસ્પિટલ, જુહુનાં ડાયટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, 'આજકાલ આપણા ખોરાકમાં મીઠું અને ખાંડનું પ્રમાણ અતિ વધી ગયું છે. આ સિવાય પેકેટ ફૂડ, જન્ક ફૂડ, પ્રોસેસ્ડ ફૂડ, બેકરી પ્રોડક્ટ્સ, રેડી ટુ ઈટ ફૂડ, વગેરે ખાવાનું ચલણ પણ વધી ગયું છે. આ બધો જ ખોરાક પોષણ વગરનો અને હાનિકારક ફેટ્સ અને બીજાં તત્વો ધરાવતો હોય છે, જે આપણા શરીરમાં જઈને મોટું નુકસાન કરે છે. ખાસ કરીને સેચ્યુરેટેડ ફેટ્સ અને ટ્રાન્સ ફેટ્સનું પ્રમાણ આપના ખોરાકમાં એટલું વધી ગયું છે કે હાર્ટ ઉપર એની અસર દેખાવા લાગી છે.'

#### બેઠાડુ જીવન

એક સમય હતો જ્યારે સ્ત્રીઓ પાણી ભરવા માટે બેડલાં લઈને એકાદ કિલોમીટર ચાલતી. આજે તો પાણીનો ગ્લાસ પણ માટલામાંથી ન ભરવો પડે એટલે બોટલ્સ ભરીને રાખીએ છીએ. વિચારવા જઈએ તો આપણે દિવસના ૧૦-૧૨ કલાક બેઠાં-બેઠાં પસાર કરીએ છીએ, જેને કારણે હાર્ટ નબળું બની રહ્યું છે. થોડું પણ ચાલીએ તો હાંફી જઈએ એવી પ્રજા બનતા જઈ રહ્યા છીએ ત્યારે હાર્ટની હેલ્થ માટે વિચારવું જરૂરી છે. એ વિશે વાત કરતાં ડો. એલ. એચ. હીરાનંદાની હોસ્પિટલના કન્સલ્ટન્ટ અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડો. હૃષીકેશ પાટીલ કહે છે, 'હાર્ટ-હેલ્થ માટે બેઠાડુ જીવન એક શ્રાપ છે. આજે દિવસે-દિવસે હાર્ટના પ્રોબ્લેમ્સ વધતા જાય છે એનું મુખ્ય કારણ આ બેઠાડુ જીવન છે. ટેક્નોલોજી આપણા માટે આર્શીવાદરૂપ છે તો સાથે-સાથે એને જ કારણે આપણને સહન પણ કરવું પડી રહ્યું છે. બેઠાડુ જીવનને લઈને આવતી ઓબેસિટી હાર્ટ-પ્રોબ્લેમને આવકારે છે.'

#### સ્ટ્રેસ

કોઈ પણ પ્રકારનો ડર, દરરોજની નાની-મોટી ચિંતાઓ, જીવનના દરરોજ લેવા પડતા મહત્વના નિર્ણયો, કંટાળો કે ફ્રસ્ટ્રેશન, એકબીજા માટેની અને ખુદ પ્રત્યેની પણ વધુ પડતી અપેક્ષાઓને કારણે જે પ્રકારની લાગણીઓ ઉદભવે છે એને કારણે સ્ટ્રેસ ઉત્પન્ન થાય છે. એ સમજાય એવી વાત છે કે જેમના કામના કલાકો ખૂબ વધારે છે તેમના કામનું સ્ટ્રેસ પણ વધારે જ હોવાનું. પરંતુ આ સ્ટ્રેસ હૃદય ઉપર કઈ રીતે ભારે પડે છે? આ પ્રકનનો જવાબ આપતાં વોક્હાર્ટ હોસ્પિટલ, મુંબઈ સેન્ટ્રલના કાર્ડિયોલોજિસ્ટ ડો. પ્રતીક સોની કહે છે, 'જ્યારે સ્ટ્રેસ થાય ત્યારે હૃદયના ધબકારા ખૂબ વધી જાય છે અને એનો રિધમ ખોરવાય છે, બ્લડ-પ્રેશર ઊંચું આવે છે, પેટમાંનો એસિડ વધે છે; જેને કારણે પેટમાં દુઃખાવો, અપચો અને છાતીમાં બળતરા થઈ શકે છે. આ ઉપરાંત સ્નાયુઓમાં ટેન્શન વધે છે; જેને કારણે માથાનો દુઃખાવો, ગરદન અને પીઠનો દુખાવો પણ થાય છે. સ્ટ્રેસને કારણે શ્વાસ ટૂંકા થઈ જાય છે, લોહી જાડું બને છે અને ક્લોટિંગની શક્યતા વધે છે.'

#### અપુરતી ઉંઘ

ઊંઘને લગતા પ્રોબ્લેમ્સ અને હાર્ટ-અટેક વચ્ચે સીધો સંબંધ છે એ વાત સાથે સહમત થતાં જસલોક હોસ્પિટલનાં સ્લીપ ડિસઓર્ડર ક્લિનિકના ડિરેક્ટર અને ન્યુરોલોજિસ્ટ ડો. પ્રીતિ દેવનાણી કહે છે, 'જ્યારે કોઈ પુખ્ત વ્યક્તિ ૬ કલાકથી ઓછું અને ૧૦ કલાકથી વધુ સૂવે ત્યારે તેની કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમમાં પ્રોબ્લેમ આવે છે. જ્યારે તમને ઊંઘ લીધા પછી ઊઠીને ફ્રેશ ન લાગે, થાક લાગે, કંટાળો આવે, દિવસના સમયે પણ ઊંઘ જ આવ્યા કરે તો સમજવું કે તમે જે ઊંઘ લો છો એ કાં તો વધારે છે અથવા ઓછી. ઘણી વખત વ્યક્તિ ૮ કલાકની ઊંઘ લે છે, પરંતુ એ ઊંઘ ક્વોલિટી ઊંઘ હોતી નથી. ખૂબ વધારે સપનાં આવવાં, રાત્રે વારંવાર ઊંઘ ઊડી જવી, એકધારી ઊંઘ ન થવી વગેરે કારણો પણ વ્યક્તિના હૃદયને અસરકર્તા છે. જો તમે ઈચ્છતા હો તમારૂ હૃદય સ્વસ્થ રહે તો એ માટે તમારી ઊંઘના કલાકો પૂરા થાય છે કે નહીં એ જોવું ખૂબ જ જરૂરી છે. એની સાથે-સાથે તમને ઊંઘ ગુણવત્તાવાળી મળે છે કે નહીં એ વિશે પણ સજાગ રહો.'

#### સ્મોકીંગ, આલ્કોહોલ

હાર્ટ ઉપર આ બંન્ને કુટેવોની અસર સીધી અને આડકતરી બંન્ને રીતે થાય છે. એ વિશે વાત કરતા રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના કન્સલ્ટન્ટ કાર્ડિયાક સર્જન ડો. બિપિનચંદ્ર ભામરે કહે છે, 'સ્મોકિંગને કારણે હાર્ટ-ડિસીઝનું રિસ્ક ચારગણું વધી જાય છે. સ્મોકિંગની સીધી અસર વેસ્ક્યુલર તંત્ર એટલે કે લોહીની નસો ઉપર થાય છે. એના થકી લોહીની નળીઓ સાંકડી થતી જાય છે, જેની સીધી અસર શરીરમાં થતા લોહીના પરિભ્રમણ ઉપર પડે છે. આલ્કોહોલ પણ એક એવી કુટેવ છે, જે સીધી નહીં તો આડકતરી રીતે પણ હૃદય ઉપર અસર કરે છે. આલ્કોહોલ ઓબેસિટી માટે જવાબદાર બને છે અને ઓબેસિટી હૃદયરોગને આવકારનારા રોગોને તાણી લાવે છે. આમ તકલીફો વધે છે.'

#### જીનેટિક્સ

જે લોકોના ઘરમાં હાર્ટ-અટેકની હિસ્ટરી જોવા મળે છે એ લોકોને અટેક આવવાની શક્યતા વધુ રહે છે, કારણ કે તેઓ જિનેટિકલી આ પ્રકારનું રિસ્ક ધરાવતા હોય છે. પરંતુ આ બાબતે એ પણ સમજવું જરૂરી છે કે જીન્સ આપણી અંદર હોય એટલે આપણને અટેક નથી આવતા. જીન્સ છે એનો અર્થ એ છે કે તમારા શરીરની ટેન્ડન્સી એટલે કે એ પ્રકૃતિ એવી છે. પરંતુ એ પ્રકૃતિને જગાડનાર પરિબળ ન હોય તો એ જીન્સ એટલા અસરદાર ન પણ સાબિત થાય એવું બને ખરૂ. એટલે કે જે લોકો ઉપર જિનેટિકલ રિસ્ક છે એવા લોકો પોતાનું પૂરતું ધ્યાન રાખે તો તેમના ઉપરનું આ રિસ્ક ઘણું ઓછું થઈ જાય છે અને જો તેઓ પોતાની લાઈફ-સ્ટાઈલ ખરાબ જ રાખે તો આ રિસ્ક નાની ઉંમરે જ પોતાની અસરકારકતા સિદ્ધ કરે છે. આમ અહીં પણ લાઈફ-સ્ટાઈલ ઠીક રહેવી એ મહત્વનો ભાગ ભજવે છે.

#### કઈ રીતે બચશો ?

સ્મોકિંગ અને આલ્કોહોલ જેવી ખરાબ આદતોથી દૂર જ રહો, જીવવા માટે ખાઓ, ખાવા માટે ન જીવો. એટલે કે પોષણયુક્ત ખોરાક જ ખાઓ

બેઠાડુ જીવન ન છોડી શકો તો કંઈ નહીં, પરંતુ દિવસમાં ૪૦-૪૫ મિનિટ કાર્ડિયો એક્સરસાઈઝ કરો. જેમ કે સિમ્પલ વોકિંગ, જોગિંગ, સ્વિમિંગ વગેરે.

ગમે તેટલું કામ હોય કે બીજાં કોઈ પણ કારણો હોય, તમારી રાતની ઊંઘને હંમેશાં તમારી પ્રાથમિકતાના લિસ્ટમાં સૌથી ઉપર રાખો. નીરોગી જીવનની એ ચાવી છે.

તમારા વજનને પ્રમાણમાં રાખો. થોડું પણ વધે તો આ બાબતે સજાગ રહો, કારણ કે વજન એક વખત ખૂબ વધી ગયું તો ઉતારવું અઘરૂ છે.

૩૦ વર્ષની ઉંમરથી રેગ્યુલર ચેક-અપની આદત પાડો. એને લીધે ડાયાબિટીઝ, બ્લડ-પ્રેશર કે કોલેસ્ટરોલ જેવી સમસ્યા હોય તો એનું સમયસર નિદાન થઈ શકે.

સ્ટ્રેસને ઓળખો અને એને દૂર કરવા માટે પ્રાણાયામ, યોગ અને ધ્યાન અપનાવો.

# જૂનાગઢની સરકારી સિવીલ હોસ્પિટલના બેદરકાર તંત્ર સામે કડક પગલા ભરવા માંગ

## કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવા તથા તબીબી શિક્ષણ ગાંધીનગરને પત્ર પાઠવી રજુઆત કરાઈ

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢના જાગૃત નાગરીક બીબીબેન હાજીભાઈ સમાએ કમિશ્નશ્રી, આરોગ્ય અને તબીબી સેવા તથા તબીબી શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગરને એક લેખિત પત્ર પાઠવી જૂનાગઢ સિવીલ હોસ્પિટલનાં બેદરકાર તંત્ર સામે કડક કાર્યવાહી કરવા માટે માંગણી કરી છે.

પત્રમાં જણાવેલ છે કે, તા.૨૦/૬/૨૦૨૪ ના રાત્રીના ૧૧-૦૦ વાગ્યાની આસ-પાસ અમારી ૩-વર્ષની પૌત્રીની તબિયત બગડતા અમારી આર્થીક પરિસ્થિતી નબળી હોય, જેના કારણે જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં રાત્રીના પૌત્રીની તબિયત બતાવવા ગયેલ ત્યારે પ્રથમ ઈમરજન્સીમાં ગયેલ તો, ત્યાં પ્રાથમિક સારવાર આપવાને બદલે અમને જોઈને જ એમ કહી દીધેલ કે, ઉપર ૪થા માળે ૪૦૬- નંબર માં જાવ! ત્યારે અમો અમારી બિમાર પૌત્રીને લઈને ત્યાં ચોથા માળે ગયેલ તો, ત્યાં ફરજ પરના અધિકારીએ એવું જણાવેલ કે, અહીં અંદર વોર્ડમાં આવવાની મનાઈ છે,બહાર ઉભા રહો. ત્યારે બહાર જ એક જવાબદાર મેડમ નર્સ આવેલ અને મારી પૌત્રીને ત્યાં ઉભા-ઉભા ચેક કરેલ, અને દવા લખી દીધેલ અને નીચેથી લેવાનું જણાવેલ.

ત્યારે અમો નીચેની દવા બારીએ ગયેલ તો, દવા બારી ખુલ્લી હતી. પરંતુ ૩૦ થી ૪૫ મીનીટ સુધી તે દવા બારીમાં કોઈ જવાબદાર અધિકારી જ હાજર ન હતા. તો ફરીવાર અમે ઈમરજન્સી વોર્ડમાં પુછવા ગયેલ તો, તેમણે એવો જવાબ આપેલ કે, થોડીવાર ત્યાં ઉભા રહો, આમ-તેમ ગયા હશે. અને તમારે વધુ ઉતાવળ હોય તો, બહાર પ્રાઈવેટ મેડિકલ ખુલ્લા જ છે, તેવો ઉડાવ જવાબ આપેલ.

આમ જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં મહત્વના ઈમરજન્સી વોર્ડમાં જ જવાબદાર અધિકારીઓને દર્દીની કોઈ જ ચિંતા કે ગંભીરત્તા નથી. આવા રેઢીયાર તંત્રના કારણે કોઈ બિમાર માણસનું જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. જેથી આવી બેદરકારી દાખવનાર જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડના જે તે સમયના જવબદાર અધિકારીઓ તથા ૪-થા માળે વોર્ડ નં.૪૦૬ના વોર્ડના જે તે સમયના ફરજ પરના અધિકારીઓ સામે કડકમાં કડક એક દાખલારૂપી કાર્યવાહી કરવામાં આવે, તો જ અમારા ઉપર જે વિતી છે. તેવી ઘટનાનું ફરીવાર પુનરાવર્તન થતા અટકશે અને કોઈ નિર્દોષ દર્દીની જીંદગી પણ બચશે. તે માટે મારી આ રજુઆતને ગંભીરત્તાથી ધ્યાને લઈ જવાબદારો સામે તાત્કાલીક ધોરણે વિના વિલંબે કાયદેસરની કાર્યવાહી કરવામાં મારી માંગણી કરી છે.

# ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢમાં આવેલ સૌરાષ્ટ્ર સીડ્સના પ્રોપરાઈટર રમેશભાઈ ગોવિંદભાઈ રામએ ઓમ એગ્રો એજન્સી નામની પેઢીના પ્રોપરાઈટર રામભાઈ ઠેબાભાઈ મોઢવાડીયા સામે રૂા.૫,૦૯,૩૬૦/-ની રકમનો ચેક રીટર્ન થયા અંગે નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ મુજબ જૂનાગઢની કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હતી. તાજેતરમાં સદરહું કેસ નામદાર કોર્ટમાં ચાલી જતાં ફરીયાદ પક્ષ અને આરોપી પક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓ તથા દલીલો સાંભળી આરોપીના એડવોકેટ કે.ડી. ઓડેદરાની રજુઆત માન્ય રાખી જૂનાગઢના ૬ઠ્ઠા જયુડી. મેજીસ્ટ્રેટ (ફ.ક.)એ આરોપી રામભાઈ મોઢવાડીયાને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે.

### હાઈકોર્ટને પત્ર લખીને સુરક્ષા વધારવાની કરી માંગ

# જ્ઞાનવાપી સર્વેનો આદેશ આપનાર જજને ધમકી મળી

## જજ દિવાકર બરેલીમાં એડિશનલ સેશન જજ છે : તેમણે મુખ્ય સચિવને પત્ર લખીને પોતાની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી

લખનઉ,તા.૨૪

ઉત્તર પ્રદેશમાં વારાણસી જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના સર્વેક્ષણનો આદેશ આપનાર જજ રવિ કુમાર દિવાકરને ધમકી મળ્યા બાદ NIA કોર્ટના વિશેષ ન્યાયાધીશ વિવેકાનંદ શરણ ત્રિપાઠીએ રજિસ્ટ્રાર જનરલ અલ્હાબાદ હાઈકોર્ટને પત્ર લખીને તેમની સુરક્ષા વધારવાની માંગ કરી છે. ઉલ્લેખનીય છે કે, અદનાન ખાન એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ચલાવે છે જેના દ્વારા જજ રવિ કુમાર દિવાકરને ત્રણ અઠવાડિયા પહેલા ધમકીઓ આપવામાં આવી હતી અને પોલીસે કેસ નોંધ્યો હતો. વિવેકાનંદ શરદ ત્રિપાઠીએ પત્રમાં કહ્યું કે, તપાસમાં બહાર આવ્યું છે કે ઈસ્લામિક કટ્ટરપંથીઓ જજ દિવાકરની હત્યાનું કાવતરું ઘડી રહ્યા છે. આ એક સંવેદનશીલ મુદ્દો છે. જો અદનાન ખાનની ગતિવિધિઓ પર અંકુશ નહીં આવે તો મોટી ઘટના બની શકે છે.

જજ દિવાકર બરેલીમાં એડિશનલ સેશન જજ છે. તેમણે પોતે UPના મુખ્ય સચિવને પત્ર લખીને પોતાની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. ૧૩ મે ૨૦૨૨ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ પછી, મને અને મારા પરિવારને સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી, પરંતુ વર્તમાન સ્તરે તે ઓછી લાગે છે.

“તે સ્પષ્ટ છે કે, ઈસ્લામિક કટ્ટરપંથીઓ લઘુમતી સમુદાયના સભ્યોનું બ્રેઈનવોશ કરી રહ્યા છે અને મને કાફિર કહીને મારી વિરુદ્ધ કરી રહ્યા છે જેથી તેઓ મારી હત્યા કરી શકે છે. જેથી મને અને મારા પરિવારને યોગ્ય સુરક્ષા આપવા માટે આ પત્ર મોકલવામાં આવી રહ્યો છે.’’ આ વર્ષે ૨૫ એપ્રિલે ન્યાયાધીશ દિવાકરે બરેલી પોલીસને જણાવ્યું હતું કે, તેમને ધમકીભર્યા આંતરરાષ્ટ્રીય કૉલ્સ આવી રહ્યા છે.

અહેવાલો અનુસાર, જજ દિવાકરની સુરક્ષામાં બે કર્મચારી સામેલ છે. જેઓ કોઈપણ આતંકવાદી હુમલાને રોકવામાં ઘણી હદ સુધી સફળ નથી. આતંકવાદી હુમલાના કિસ્સામાં તેમની પાસે આધુનિક હથિયારો પણ નથી. ૩ જૂનના રોજ, યુપી ATSના તપાસ અધિકારીએ અદનાન ખાન વિરુદ્ધ IPCની કેટલીક કલમો હેઠળ એફઆઈઆર નોંધી હતી.

અદનાન ખાને કથિત રીતે જજ દિવાકર સામે ધમકીઓ આપવા માટે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. આનાથી તેમની સામે હિંસાને પ્રોત્સાહન મળ્યું. ATS અધિકારી પ્રભાકર ઓઝા દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં જણાવવામાં આવ્યું છે કે, અદનાન ખાન એક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ચલાવે છે જેના દ્વારા વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ કેસની સુનાવણી કરી રહેલા જજ રવિ કુમાર દિવાકરને ધમકીઓ આપવામાં આવી છે.

### પિંક ડોલ્ફિન ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની

# અમેરીકાના દરિયામાં જોવા મળી દુર્લભ ગુલાબી કલરની ડોલ્ફિન!

## ગુલાબી ડોલ્ફિન ભાગ્યે જ જોવા મળતા જીવોમાંનું એક જીવ



વોશિંગ્ટન, તા.૨૪

પિંક ડોલ્ફિન અમેરિકાના કેરોલિના કિનારે જોવા મળી હતી. ગુલાબી ડોલ્ફિન ભાગ્યે જ જોવા મળતા જીવોમાંનું એક છે. આવી સ્થિતિમાં તેને કેમેરામાં કેદ કરવો એ પ્રાણીપ્રેમીઓ માટે સુખદ અનુભૂતિ છે. ડોલ્ફિનને માનવો પછી વિશ્વમાં સૌથી બુદ્ધિશાળી પ્રાણી માનવામાં આવે છે. ડોલ્ફિન જેટલી બુદ્ધિશાળી છે એટલી જ દુર્લભ છે. એટલે કે ડોલ્ફિનને જોવી અથવા તેનું જોવા મળવું એ લોકો માટે ઉત્સુકતાની ક્ષણ છે. આવી સ્થિતિમાં, જો તમને દુર્લભ દેખાતી ડોલ્ફિનનું બીજું દુર્લભ સ્વરૂપ દેખાય, તો તમે શું કરશો? સ્વાભાવિક રીતે તમને આશ્ચર્ય થશે. આવી સ્થિતિમાં સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરવામાં આવી રહી છે જેમાં ગુલાબી ડોલ્ફિન જોવા મળી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ગુલાબી ડોલ્ફિન નોર્થ કેરોલિના કોસ્ટ પાસે જોવા મળી હતી.

ખરેખર, ગુલાબી ડોલ્ફિન અમેરિકાના કેરોલિના કિનારે જોવા મળી હતી. ગુલાબી ડોલ્ફિન ભાગ્યે જ જોવા મળતા જીવોમાંનું એક છે. આવી સ્થિતિમાં તેને કેમેરામાં કેદ કરવો એ પ્રાણીપ્રેમીઓ માટે સુખદ અનુભૂતિ છે. ડોલ્ફિનની આ તસવીર ૧૮ જૂને એક યુઝર્સ દ્વારા ઠ એકાઉન્ટ પર શેર કરવામાં આવી હતી. શેર કરતી વખતે, વપરાશકર્તાએ લખ્યું..."દુર્લભ ગુલાબી ડોલ્ફિન ઉત્તર કેરોલિનાના દરિયાકિનારે દેખાઈ". આ તસવીરો શેર થયા બાદ પિંક ડોલ્ફિન ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની ગઈ હતી. આ પહેલા પણ કેલિફોર્નિયામાં વ્હેલ જોવા ગયેલા એક જૂથે અદભૂત સફેદ ડોલ્ફિન જોઈ હતી. કાસ્પર નામની આ સફેદ ડોલ્ફિન વ્હેલ જોવા ગયેલા લોકોની બોટ સાથે સ્વિમિંગ કરી રહી હતી.

આ પોસ્ટને અત્યાર સુધીમાં હજારો લોકો જોઈ ચૂક્યા છે અને ઘણા લોકોએ પોસ્ટને લાઈક પણ કરી છે. આવી સ્થિતિમાં સોશિયલ મીડિયા યુઝર્સ પણ આ પોસ્ટને લઈને પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું... ગુલાબી રંગની ડોલ્ફિન જોવી ખરેખર આશ્ચર્યજનક છે. અન્ય યુઝરે લખ્યું..આ માત્ર એડિટીંગનો કમાલ છે. તો બીજા યુઝરે લખ્યું... જો ગુલાબી ડોલ્ફિન ખરેખર અસ્તિત્વમાં છે તો તે ખૂબ જ ચોંકાવનારી બાબત છે. હાલમાં આ તસવીરો લોકો માટે કુતુહલનો વિષય બન્યો છે. લોકો તેમના પર વિવિધ પ્રકારની કોમેન્ટ કરી રહ્યા છે.

### સરકારી કર્મચારીઓની લેટલતીફી નહીં ચાલે!

# કેન્દ્રીય કર્મચારીઓએ ઓફિસમાં ૯.૧૫ વાગ્યા સુધીમાં પહોંચવું પડશે

નવી દિલ્હી, તા.૨૪

સરકારી બાબુઓને હવે મોડું આવવું અને ઘરે વહેલા જતા રહેવું ભારે પડી શકે છે. હવે આ લાંબો સમય ચાલી શકશે નહીં. કારણ કે કેન્દ્ર કરકારે હવે સરકારી બાબુઓ પર લગામ કસી છે. સરકારે આવા કર્મચારીઓ માટે કડક ચેતવણી ઈશ્યું કરી છે. સ્પષ્ટ કરી દીધુ છે કે મોડા આવીને વહેલા જતા રહેલા સરકારી કર્મચારીઓએ હવે તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે સરકારી કર્મચારીઓને વધુમાં વધુ ઓફિસમાં ૧૫ મિનિટ મોડા આવવાની મંજૂરી હશે.

દેશના તમામ કેન્દ્રીય કર્મચારીઓએ ઓફિસમાં ૯.૧૫ વાગ્યા સુધીમાં પહોંચી જ જવું પડશે. ઓફિસ ફક્ત સમયસર આવી જવું એટલું પૂરતું નથી. પરંતુ ત્યાં તેમણે હાજરી નોંધાવવી પણ જરૂરી છે. એટલે કે કર્મચારીઓએ બાયોમેટ્રિક સિસ્ટમમાં પંચ કરાવવું જરૂરી રહેશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટ મુજબ તમામ કર્મચારીઓ પછી તે સીનિયર હોય કે જૂનિયર તમામ કર્મચારીઓએ બાયોમેટ્રિક એટેન્ડેન્સ લગાવવી જરૂરી રહેશે. અત્રે જણાવવાનું કે ૪ વર્ષ પહેલા આવેલી કોરોના મહામારી બાદ મોટાભાગના સરકારી કર્મચારીઓ બાયોમેટ્રિક પંચ કરતા નહતા.

કાર્મિક મંત્રાલય તરફથી બહાર પાડવામાં આવેલા આદેશમાં કહેવાયુ છે કે જો સ્ટાફ સવારે ૯.૧૫ વાગ્યા સુધીમાં ઓફિસ ન પહોંચે તો તેમનો હાફ ડે લાગી જશે. જો કોઈ પણ કારણસર કર્મચારી કોઈ ખાસ દિવસે ઓફિસ આવી શકે નહીં તો તેની જાણકારી તેમણે પહેલેથી આપવી પડશે. જો ઈમરજન્સી સ્થિતિમાં રજા જોઈએ તો તેના માટે પણ લેખિતમાં આપવું પડશે. હવે તમામ વિભાગ પોતાના કર્મચારીઓની ઓફિસમાં હાજરી અને સમય પર આવવા અને જવા પર નિગરાણી કરશે.

કેન્દ્ર સરકારની તમામ ઓફિસો ૯ વાગ્યાથી ૫.૩૦ વાગ્યા સુધી ખુલ્લી હોય છે. મોડા આવવાનું અને વહેલા જનારા લોકોમાં પબ્લિક- ફેસિંગ જોબવાળા કર્મચારીઓ પણ સામેલ હોય છે. તેમના મોડા આવવાથી અને વહેલા જવાથી લોકોને ઘણી અસુવિધાઓ થાય છે.

**કર્મચારીઓ માટે કડક નિયમ**

- કર્મચારીઓએ ૯.૧૫ વાગ્યા સુધીમાં ઓફિસ પહોંચવું પડશે. મોડા પડશો તો હાફ ડે લાગશે.
- કર્મચારીઓએ આધારસક્ષમ બાયોમેટ્રિક સિસ્ટમથી હાજરી ભરવી જરૂરી છે. જે કોરોના મહામારીના કારણે બંધ કરાઈ હતી.
- કર્મચારી જો ઓફિસ ન આવી શકે તો તેણે તેની સૂચના પહેલેથી આપવી પડશે.
- તમામ વિભાગોના અધિકારીઓએ કર્મચારીઓની હાજરી અને સમયની પાબંધી અંગે નિગરાણી રાખવી પડશે. કેન્દ્ર સરકારના નવા નિર્દેશ, ગત વર્ષ ઈશ્યુ કરાયેલા આદેશોના સંદર્ભમાં છે. વાત જાણે એમ છે કે સરકારે કોરોનાકાળ પછી કર્મચારીઓ માટે બાયોમેટ્રિક એટેન્ડેન્સ જરૂરી કરી હતી. ફેબ્રુઆરી ૨૦૨૨માં તેને ફરીથી શરૂ કરાઈ હતી. સરકારે કહ્યું હતું કે ઓફિસે મોડા આવીને વહેલા જવાની આદતવાળાએ ગંભીર થવાની જરૂર છે. આમ કરનારા વિરુદ્ધ કાર્યવાહી થઈ શકે છે. સરકારનો આ નવો આદેશ એવા કર્મચારીઓ માટે માથાનો દુ:ખાવો સાબિત થઈ શકે છે જે સવારે ૧૦ વાગે કે ત્યારબાદ ઓફિસ આવે છે અને પછી જ્યારે મન થાય ત્યારે ઘરે જતા રહે છે.

### પોર્ન વીડિયો જોઈ દીકરી પર કરતો બળાત્કાર

# એક પિતાને પહેલા લાગી શરાબની લત તો પછી લાગી પોર્ન વીડિયો જોવાની લત

## તેણીએ વિરોધ કર્યો તો ક્રૂર પિતાએ તેને મારી નાખી

હૈદરાબાદ, તા.૨૪

એક શરાબી પિતાને પોર્ન વીડિયો જોવાની એટલી ખરાબ લત લાગી ગઈ હતી કે તેણે તેની ૧૨ વર્ષની માસૂમ દીકરી પર બળાત્કાર કરવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે તેણીએ વિરોધ કર્યો તો ક્રૂર પિતાએ તેને જીવતી મારી નાખી. એટલું જ નહીં, પોલીસને ગેરમાર્ગે દોરવા માટે તેણે તેની પુત્રીના ગુમ થયાની ફરિયાદ પણ નોંધાવી હતી.

આરોપીનો પરિવાર તાજેતરમાં જ તેલંગાણાના મહેબુબાબાદ જિલ્લામાંથી હૈદરાબાદના મિયાપુરમાં રહેવા આવ્યો હતો.પોલીસે જણાવ્યું કે ૭ જૂને તેની ૧૨ વર્ષની પુત્રીએ કહ્યું કે તે મહેબુબાબાદ પરત ફરવા માંગે છે. આ પછી, તેના પિતા તેને તેની માતા પાસે લઈ જવાનું કહીને સવારે લગભગ ૧૦:૦૦ વાગ્યે ત્યાંની કરિયાણાની દુકાનમાંથી તેને ઉપાડી ગયા હતા. આરોપી સીસીટીવી કેમેરામાં તેની કાર નિર્જન વિસ્તારમાં પાર્ક કરીને તેની પુત્રીને જંગલમાં લઈ જતો જોવા મળ્યો હતો. તેણે કથિત રીતે તેની પુત્રી પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે ૭ જૂને તેની ૧૨ વર્ષની પુત્રીએ કહ્યું કે તે મહેબુબાબાદ પરત ફરવા માંગે છે. આ પછી, તેના પિતા તેને તેની માતા પાસે લઈ જવાનું કહીને સવારે લગભગ ૧૦:૦૦ વાગ્યે ત્યાંની કરિયાણાની દુકાનમાંથી તેને ઉપાડી ગયા હતા. આરોપી સીસીટીવી કેમેરામાં તેની કાર નિર્જન વિસ્તારમાં પાર્ક કરીને તેની પુત્રીને જંગલમાં લઈ જતો જોવા મળ્યો હતો. તેણે કથિત રીતે તેની પુત્રી પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોર્નની લત ધરાવતો આરોપી તેની પુત્રી સાથે એક સીન કરવા માંગતો હતો. જોકે, યુવતીએ બૂમો પાડીને તેની માતાને કહી દેવાની ધમકી આપી હતી. મિયાપુર પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પિતાએ તેની પુત્રીને જમીન પર ધક્કો માર્યો, જેના કારણે તે ઘાયલ થઈ ગઈ અને લોહી વહેવા લાગ્યું. આ પછી તેણે તેની જ દીકરીને પથ્થર મારીને મરતી મુકી દીધી. ત્યાર બાદ બરાબર ૧૧ મિનિટ પછી, આરોપી છોકરી મરી ગઈ છે કે નહીં તે જોવા માટે પાછો આવ્યો. આ પછી તે ત્યાંથી પોતાના ઘરે પાછો ગયો અને તેની પત્નીને કહ્યું કે તેમની પુત્રી ગુમ છે. તેણે તે જ દિવસે પોલીસમાં પોતાની પુત્રી ગુમ થયાની ફરિયાદ પણ નોંધાવી અને પોલીસને તેની પુત્રીને શોધવા વિનંતી કરી હતી.

૧૩ જૂને મિયાપુરના જંગલમાંથી એક સડી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે કેસની તપાસ શરૂ કરી અને સીસીટીવી ફૂટેજ ચેક કર્યા તો ફૂટેજમાં આરોપી તેની પુત્રી સાથે જંગલમાં ઘૂસ્યો અને એકલો જ પાછો ફર્યો હતો. તપાસમાં આરોપીએ પોતાની પુત્રીની હત્યા કર્યાની કબૂલાત કરી હતી. બાદમાં તેની ધરપકડ કરવામાં આવી છે.

### અયોધ્યાના રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી

# મુખ્ય પુજારી આચાર્ય લક્ષ્મીકાંત દીક્ષિતનું ૯૦ વર્ષની વયે નિધન

અયોધ્યા, તા.૨૪

અયોધ્યાના રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરાવનાર મુખ્ય પુજારી આચાર્ય લક્ષ્મીકાંત દીક્ષિતનું ૯૦ વર્ષની વયે અવસાન થયું છે. આચાર્ય લક્ષ્મીકાંતે શનિવારે સવારે ૬:૪૫ કલાકે વારાણસીમાં અંતિમ શ્વાસ લીધા હતા. આચાર્ય લક્ષ્મીકાંતના પાર્થિવ દેહનો મણિકર્ણિકા ઘાટ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

શનિવારે સવારે આચાર્ય લક્ષ્મીકાંતના નિધનના સમાચાર મળ્યા બાદ કાશી અને અયોધ્યાના લોકોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જાન્યુઆરી મહિનામાં લક્ષ્મીકાંત દીક્ષિતે અયોધ્યામાં બનેલા ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પૂજામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના માર્ગદર્શન અને મંત્રોચ્ચાર હેઠળ પૂજા કરવામાં આવી હતી.

સીએમ યોગી આદિત્યનાથે આચાર્ય લક્ષ્મીકાંતના નિધન પર શોક વ્યકત કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે કાશીના વિદ્વાન અને શ્રી રામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠાના મુખ્ય પૂજારીના નિધનથી ખૂબ જ દુ:ખી છું. આચાર્યજીને સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિમાં તેમના યોગદાન માટે હંમેશા યાદ કરવામાં આવશે.

આચાર્ય લક્ષ્મીકાંત દીક્ષિતનો પરિવાર ઘણી પેઢીઓથી કાશીમાં જ રહે છે. લક્ષ્મીકાંત વારાણસીના મીરઘાટ સ્થિત સંગવેદ કોલેજના વરિષ્ઠ શિક્ષક હતા. આ કોલેજની સ્થાપના કાશી રાજાની મદદથી કરવામાં આવી સમગ્ર વારાણસીમાં આચાર્યને વેદોમાં ખૂબ જ જાણકાર માનવામાં આવતા હતા. લક્ષ્મીકાંત દીક્ષિતની ગણના યજુર્વેદના સારા વિદ્વાનોમાં થતી હતી. તેઓ હિન્દુ ધર્મમાં કોઈપણ પ્રકારની પૂજા પદ્ધતિ વિશે ખૂબ જ જાણકાર હતા. લક્ષ્મીકાંત દીક્ષિતે વેદ અને ધાર્મિક વિધિઓની દીક્ષા તેમના કાકા ગણેશ દીક્ષિત પાસેથી લીધી હતી.

### માસ્ટરમાઈન્ડનું વોઈસ સેમ્પલ થયું મેચ

# સલમાન ખાન ફાયરિંગ કેસમાં પોલીસને હાથે લાગ્યો મોટો પુરાવો

મુંબઈ, તા.૨૪

બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસમાં મોટો ખુલાસો થયો છે. આ કેસમાં પોલીસને મોટો પુરાવો હાથે લાગ્યો છે. પુરાવાથી માલૂમ પડ્યું છે કે, આ ઘટના પાછળ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ અનમોલ બિશ્નોઈનો હાથ હતો. પોલીસને આરોપી પાસેથી ઓડિયો રેકોર્ડિંગ મળ્યું હતું. આ રેકોર્ડિંગનો અવાજ એજન્સી પાસે રાખેલા અનમોલ બિશ્નોઈના ઓડિયો સેમ્પલ સાથે મેળ ખાય છે.

આ રેકોર્ડિંગ પરથી એવું પણ બહાર આવ્યું છે કે ગોળીબાર થયો ત્યારથી લઈને બે આરોપીઓ છુપાયા ત્યાં સુધી અનમોલ શૂટરોના સતત સંપર્કમાં હતો. પોલીસને ધરપકડ સમયે જે મોબાઈલ ફોન મળ્યો હતો તેમાં અનમોલનું કૉલ રેકોર્ડિંગ મળી આવ્યું હતું.

મહત્ત્વનું છે કે, થોડા સમય પહેલા પોલીસે આ કેસમાં સલમાન ખાનનું નિવેદન નોંધ્યું હતું. તેણે પોલીસને જણાવ્યું હતું કે ઘટનાના દિવસે તે ઘરે હતો અને ઘરે પાર્ટી હોવાથી મોડી રાત્રે સૂઈ ગયો હતો. તેણે પોલીસને જણાવ્યું કે તેના ફ્લેટની બાલ્કનીમાં વાગી રહેલી ગોળીના અવાજથી તે જાગી ગયો હતો.

એક્ટરે કહ્યું કે, એક ઝટકા સાથે ઉભો થયો અને જોવા માટે બાલ્કનીમાં ગયો પરંતુ તેને ત્યાં કોઈપણ દેખાયું નહી.

૧૪ એપ્રિલે મુંબઈના બાંદ્રામાં સલમાન ખાનના ઘરની બહાર બાઈક સવાર બે લોકોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં પોલીસે અગાઉ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં ગુજરાતમાંથી ધરપકડ કરાયેલા વિકી ગુપ્તા અને સાગર પાલનો સમાવેશ થાય છે. અનુજ થાપન અને અન્ય એકની ૨૬ એપ્રિલે પંજાબમાંથી અટકાયત કરવામાં આવી હતી. આ કેસમાં કુલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી અનુજ થપનનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું હતું.

# રવની ડબલ મર્ડર કેસ સહિત અનેક ગુન્હાઓમાં સંડોવાયેલા ૧૦ શખ્સો વિરૂધ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

વંથલી તાલુકાના રવનીમાં બેવડી હત્યા સહિતના ગુનામાં સામેલ રવની, ઝાપોદડ સહિતના ગામના કુખ્યાત દસ શખ્સની ટોળકીનો પોલીસે ગુનાઈત ઈતિહાસ મેળવી તેની સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જેમાંથી ચાર શખ્સની અટક કરી હતી. જયારે અન્ય શખ્સ જેલમાં હોવાથી તેનો કબ્જો મેળવી કાર્યવાહી કરવામાં આવશે. વંથલીની ગુનાહિત ગેંગ વિરૂધ્ધ તપાસના અંતે ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોકનો ગુનો દાખલ કરાવતા ગુનેગાર આલમમાં ખળભળાટ મચી ગયો છે. ૧૧ મેના રોજ વંથલી તાલુકાના રવની ગામની સીમમાં રફીક આમદભાઈ સાંધ અને તેના ૧૮ વર્ષીય પુત્ર જીહાલની ફાયરિંગ અને પાઈપ, લાકડી વડે ઝાંપોદડ ગામનાં રહીમ ઉર્ફે ખુરી ઈસા સાંધ તેમજ રવનીના હુસેન અલારખા, જુમા હબીબ, હનીફ ઈસ્માઈલ, અબ્દુલ, ઈબ્રાહીમ,



ઈસ્માઈલ ઈબ્રાહીમ અને પોલાભાઈ યુસુફે હત્યા કરી હતી. તમામને ઝડપી લેવામાં આવ્યા હતા. આ કેસમાં એસપી હર્ષદ મહેતાની સૂચનાથી કેશોદના ડીવાયએસપી બી. સી. ઠક્કરના માર્ગદર્શનમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલ સહિતની ટીમે આરોપીઓ વિરૂદ્ધ વધુ પુરાવા એકઠા કરવા તપાસ હાથ ધરતા આરોપીઓ હતિયા ખૂનની કોશિશ, અપહરણ, લૂંટ, રાયોટીંગ, મારામારી, સરકારી મિલકતને નુકસાન, ધાક ધમકી, હથિયાર ધારા ભંગ, જુગાર, ચોરી, ખંડણી સહિતના સંખ્યાબંધ ગુનામાં ૧૦ શખ્સોની ગેંગ સ્વરૂપે સંડોવાયા હોવાનું જણાયું હતું. આથી તેમની વિરૂદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ (ગુજસીટોક) એક્ટ મુજબ પીઆઈ પટેલે વંથલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ૬ આરોપી જેલમાં હોય અને બાકીના આરોપી ઈમરાન ઉર્ફે ભીખો હબીબ સાંધ, બોદુ અબુ પલેજા, પનીશ ઉર્ફે અનલો ઈસ્માઈલ સાંધ અને ભાવિન ઉર્ફે કાનો મનસુખ પાડલીયાને ઝડપી લઈ આગળની કાર્યવાહી કરી હતી.

ગેંગનો ગુનાહિત ઈતિહાસ જોઈએ તો ૧. ગેંગ લીડર રહીમ ઉર્ફ ખુરી ઈસ્માઈલ સાંધ સામે ૯ ગુના, ૨. ઈમરાન ઉર્ફે ભીખો હબીબ- ૪ ગુના, ૩. હનીફ ઉર્ફે હનો ઈસ્માઈલ-૩ ગુના, ૪. હુસેન અલારખા-૪ ગુના, ૫. અમીન ઈસ્માઈલ-૮ ગુના, ૬. બોદુ અબુ પલેજા-૯ ગુના, ૭. રહીમ ઉર્ફે અંતુડી જુસબ - ૨૪ ગુના, ૮. અનીશ ઉર્ફે અનલો ઈસ્માઈલ-૬ ગુના, ૯. ઈમ્તિયાઝ ઉર્ફે પોલો ઈશા -૪ ગુના, ૧૦. ભાવિન ઉર્ફે કાનો મનસુખ પાડલીયા સામે ૧૬ ગુના નોંધાયા હોવાનું અને જેમાં પકડાયા હોવાનું પીઆઈ જે.જે પટેલ જણાવ્યું હતું.

એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, રવની અને ઝાપોદડ વિસ્તારની ગેંગ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ આચરતી હતી. આ ગેંગના ભય અને ત્રાસમાંથી લોકોને છોડવવા તેમજ ગેંગના અસ્તિત્વને નાશ કરવાનાં ભાગરૂપે તમામ ૧૦ આરોપીઓની ગેંગ વિરૂધ્ધ ગુજસીટોકનો ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલા દોઢ વર્ષ અગાઉ વિસાવદર વિસ્તારની ગેંગ સામે પણ આવો જ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# માંગરોળ તાલુકાના ચંદવાણાની સીમમાં બહેનની પાછળ ફરતો હોવાની શંકા કરી ઝાડ સાથે બાંધી યુવાનની હત્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

માંગરોળ તાલુકાના ચંદવાણાની સીમમાં રહેતો એક યુવાન બહેનની પાછળ ફરતો હોવાની શંકા રાખી યુવતી તથા યુવતીના ભાઈ સહિતનાઓએ યુવાનને પકડી આંબાના ઝડા સાથે બાંધી લાકડી તથા ધોકા વડે બેફામ માર માર્યો હતો. જેમાં યુવાનનું મોત થતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. આ અંગે ફરિયાદ થતા પોલીસે યુવતી સહિત પાંચ શખ્સો સામે હત્યા સહિતની કલમ મુજબ ગુનો દાખલ કર્યો હતો અને ચાર શખ્સની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ માંગરોળ તાલુકાના ચંદવાણાની સીમમાં રહેતી સંગીતાબેન કારાભાઈ ઘોસીયાના ખેતરમાં આવેલ મામાદેવના સ્થાનકે દિવાબતી કરવા જતી હતી ત્રે વરજાંગ વીરા વાજા પણ ત્યાં દર્શન કરવા જતો હતો. આથી હરેશ કારા ઘોસીયા, જયેશ કારા ઘોસીયા, કારા અરજણ ઘોસીયા, સંગીતાબેન કારા ઘોસીયા અને સામત રાજા બજેઠીયાને વરજાંગ સંગીતાબેનની પાછળ ફરતો હોવાની શંકા હતી. આથી આ શખ્સોએ છેલ્લા ત્રણેક દિવસથી વરજાંગની પાછળ-પાછળ ફરતા હતા. ગત રાત્રે વરજાંગ રખડતો-ભટકતો મામાદેવના સ્થાનકે દર્શન કરવા જતા આ શખ્સોએ તેને પકડી અગાઉ કરેલા કાવતરા મુજબ દોરી વડે આંબાના ઝાડ સાથે બાંધી દીધો હતો. ત્યારબાદ આ શખ્સોએ લાકડી તથા ધોકા વડે બેફામ માર મારતા તે લોહીલુહાણ થઈ ગયો હતો અને ઝાડ સાથે બાંધેલી હાલતમાં જ વરજાંગ વાજાએ દમ તોડી દીધો હતો. રાત્રીના ગામના આગેવાનોએ મૃતકના ભાઈ દિનેશભાઈને જાણ કરતા તે તથા તેના ભાઈ ઘટના સ્થળે પહોંચ્યા હતા જયાં પોલીસ તથા ૧૦૮ હાજર હતી.

વરજાંગના માથા તથા કાનમાંથી લોહી નીકળતા હતા. બંને હાથ-પગમાં ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. યુવાનને મૃત જાહેર કરવામાં આવતા તેના મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો. આ અંગે દિનેશભાઈ વીરાભાઈ વાજાએ ફરિયાદ કરતા શીલ પોલીસે હરેશ કારા ઘોસીયા, જયેશ કારા ઘોસીયા, કારા અરજણ ઘોસીયા, સંગીતાબેન કારા ઘોસીયા અને સામત રાજા મજેઠીયા સામે હત્યા, ષડયંત્ર સહિતની કલમ મુજબ ગુનો દાખલ કર્યો હતો. મહિલા સિવાયના ચારેય આરોપીઓને પલીસે અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. બહેનનો પીછો કરતો હોવાની શંકા રાખી યુવાનને ઝાડ સાથે બાંધી બેફામ માર મારી હત્યા કર્યાની ઘટનાથી પંથકમાં ચકચાર વ્યાપી ગઈ છે.

# જૂનાગઢમાં સિવિલ હોસ્પિટલના તબીબે લર્નિંગ ઈન્ટરશીપ કરતી યુવતી ઉપર દુષ્કર્મ આચાર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં એક ડોકટરની સામે યુવતીએ દુષ્કર્મ આચાર્યાની ફરીયાદ નોંધાવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ડો. કેતન પરમાર સામે ૨૧ વર્ષની યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે. જૂનાગઢની યુવતીએ શનિવારની રાત્રે નોંધાવેલી ફરિયાદ મુજબ તેણી આયુર્વેદ તબીબનો બીએચએમએસનો અભ્યાસ કરતી હોય વેકેશનમાં આવી હતી અને શહેરમાં ઝાંઝરડા ચોકડી પાસે આવેલ ખાનગી હોસ્પિટલમાં લર્નિંગ ઈન્ટરશીપ શરૂ કરી હતી. એક અઠવાડિયાના લર્નિંગ ઈન્ટરશીપ દરમ્યાન સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમા ફરજ બજાવતા ડો. કેતન પરમાર ખાનગી હોસ્પિટલમાં દર્દીના ઓપરેશન કરવા જતા હતા અને તેણે યુવતીને લર્નિંગ ઈન્ટરશીપ માટે દર્દીના ઓપરેશનના ફોટા મોકલીશ તેમ કહી તેના વ્હોટસએપ નંબર મેળવી યુવતી સાથે વાતચીત શરૂ કરી હતી. બાદમાં યુવતીને કારમાં બેસાડી ધમકી આપી તેણી સાથે બળજબરીપૂર્વક શારીરીક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે યુવતીએ ફરિયાદ કરતા જૂનાગઢ તાલુકા પોલીસે તબીબ કેતન પરમાર વિરૂધ્ધ કલમ ૩૭૬ અને ૫૦૬(૨) મુજબ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. આ ફરિયાદની સાથે જ આરોપી ડોક્ટર નાસી ગયો હોવાનું સામે આવ્યું છે. મહિલા પીએસઆઈ જે.ડી. દેસાઈ વધુ તપાસ હાથ ધરી છે.

# બિલખાના નવાગામમાં ચાલતા ઓનલાઇન જુગાર ધામ ઝડપાયું : ૭ શખ્સોની અટક

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

બિલખા તા.૨૪

બિલખાના નવાગામમાં જમાઈની સાથે મળી સસરાએ શરૂ કરેલ ઓનલાઈન જુગાર ધામનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કરી ૭ શખ્સને ઝડપી લઈ ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. હાલ રાજકોટમાં બિલખા હાઉસ કસ્તુબા ટેલીફોન એકસચેન્જ પાસે ગવર્મેન્ટ ક્વાર્ટર સામે શ્રોફ રોડ વિસ્તારમાં રહેતા અને મૂળ બિલખાનાં ભવાનીસિંહ હરિચંદ્રસિંહ વાળાએ તેના અમદાવાદમાં રહેતા જમાઈ રૂદ્રદત કુલદીપસિંગ ગોહિલ સાથે મળીને બિલખાના નવાગામમાં પ્રભુનો પીપળો વિસ્તારમાં આવેલ પોતાના મકાનમાં માણસો રાખી કોમ્પ્યુટર ઉપર અલગ અલગ વેબસાઈટ મારફતે ઓનલાઈન ગેમ ઉપર જુગાર રમાડતા હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્ક્વોડના સ્ટાફે દરોડો પાડયો હતો. આ કાર્યવાહી દરમ્યાન ભવાનીસિંહ વાળા તેમજ તેમજ રાખેલા માણસો મહુવાના પૃથ્વી હરિભાઈ બારૈયા, ગાંધીધામના જતીન સુરેન્દ્ર છીપા, મુન્દ્રાનો દીપ અતુલ ઠક્કર, બનાસકાંઠા જિલ્લાના સમધી ગામનો પ્રકાશ બાબુ ચૌહાણ, ચારાડિહનો રંજીત જગદીશ રાણા સહિત ૭ શખ્સને ઝડપી લઈ લેપટોપ, ૧૬ મોબાઈલ, રોકડ સહિત ૩.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# તાલાળાના જમાલપરા, વિઠલપૂર, વડાળા, રાયડી, પાણીકોઠા, પાવડી સહિતના ગામોમાં મેઘરાજની તોફાની બેટિંગ





(પ્રતિનિધિ દ્વારા) પ્રાચી તા.૨૪ : તાલાળા તાલુકાના જમાલપરા, વિઠલપૂર, વડાળા, રાયડી, પાણીકોઠા, પાવડી, પિખોર, સેમળીયા સહિત ગામોમાં બપોર પછી મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. એક કલાકમાં ધોધમાર ત્રણથી ચાર ઈંચ વરસાદથી નદીનાળાઓમાં પુર આવ્યા હતા અને ખેતરો તરબોળ થયા હતા. ભારે વરસાદથી રસ્તા ઉપર પાણી જોવા મળ્યા હતા. વાવણી લાયક વરસાદ થતા ધરતીપુત્રોમાં ખુશીની લહેર પ્રસરી છે.(તસ્વીર : જાદવ ચુડાસમા)

# પ્રાચી તીર્થ ખાતે વાતાવરણ પલટો આવતા મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી





(પ્રતિનિધિ દ્વારા) પ્રાચી તા.૨૪

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે ગઈકાલે બપોર પછી અચાનક વાતાવરણમાં પલટો આવતા મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી અને મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. અડધી કલાકમાં ધીમી ધારે વરસાદથી રસ્તાઓ ઉપરથી પાણી ફરી વળ્યા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.(તસ્વીર : જાદવ ચુડાસમા)

# મુંબઈથી મેફેડ્રોન ડ્રગ્સ લાવી વિદ્યાર્થી સહીત બે યુવાનો જૂનાગઢમાં વેપલો કરતા ઝડપાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

મુંબઈથી એમડી ડ્રગ્સ લાવીને જૂનાગઢમાં યુવા ધનને બરબાદ કરવાના ઈરાદે નશાનો વેપલો ચલાવતા બે ઈસમોને જૂનાગઢ પોલીસે ઝડપી પાડયા છે. પોલીસે બંને આરોપી પાસેથી ૨૨.૧ ગ્રામ ડ્રગ્સ, રોકડ, મોબાઈલ ફોન, બાઈક સહિત કુલ રૂા.૮.૫૨ લાખના મુદ્દામાલ સાથે ચોબારી ફાટક નજીક જુનો બાયપાસ ઝાંઝરડા રોડ ઉપરથી ઝડપી પાડયા છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ચોબારી ફાટકથી ઝાંઝરડા ચોકડી તરફ જતા રસ્તે મહારાજા પેલેસ નામના કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાનો પાસે છેલ્લા ઘણા મહિનાઓથી નશાનો કારોબાર ચાલી રહ્યો હતો. આ બાબતે જૂનાગઢ જીલ્લા એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, છેલ્લા દોઢેક મહિનાથી જાગૃત નાગરિકો દ્વારા જણાવેલ કે બે યુવાનો નાની-મોટી માત્રામાં એમડી ડ્રગ્સનો જથ્થો મુંબઈના મલાડ વિસ્તારમાંથી લાવી અને જૂનાગઢ શહેરની કોલેજ અને યુનિવર્સિટીની આસપાસ અને ઝાંઝરડા રોડ ઉપરથી યુવા ધનને ડ્રગ્સ આપી નશાનો કારોબાર ચલાવી રહ્યા છે. જેના આધારે એલસીબીની ટીમ, એસઓજીની ટીમ, એ ડીવીઝનના પીઆઈ વત્સલ સાવજ અને ટેકનિકલ ટીમને સાથે રાખીને ચૂંટણી પૂર્ણ થયા બાદ આ બંને ઈસમોની તમામ મુવમેન્ટ ઉપર ધ્યાન રાખવામાં આવી રહ્યું હતું. તેમજ તેમની સાથે ગુજરાત બહાર જાય તે સમયે કોણ કોણ લકો તેની સાથે સંપર્કમાં છે. જેના આધારે કુલ ૭થી ૮ લોકોની ઓળખ કરવામાં આવી હતી. જેના આધારે પોલીસે ખાનગી કપડા અને ખાનગી વાહનો સાથે આશરે ૧૫૦થી વધુ કર્મચારીઓ અને ૧૪ જેટલા અધિકારીઓની ટીમ કામે લાગ હતી. દરમ્યાન ઝાંઝરડા રોડ ઉપરથી ડ્રગ્સ માફીયા ધવલ જગદીશભાઈ સીસાંગીયા ધંધો-વાણંદ કામ(ઉ.વ.૨૭) રહે.ઝાંઝરડા રોડ અને યુગાંત હરેશભાઈ વાઘમશી(ઉ.વ.૨૪) રહે.જૂનાગઢ વાળા પાસેથી ૨૨.૧ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જેની કિ.રૂા.૨,૨૧,૦૦૦, મોબાઈલ ફોન ૨ જેની કિ.રૂા.૬૦,૦૦૦, રોકડા રૂા.૫,૦૧,૦૦૦ અને મોટરસાઈકલ ૨ જેની કિ.રૂા.૭૦,૦૦૦ મળી કુલ રૂા.૮,૫૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. દરમ્યાન પોલીસની ચેકિંગ ડ્રાઈવમાં ઝાંઝરડા ચોકડી સહિતના આસપાસના વિસ્તારોમાંથી ડ્રગ્સના બંધાણી થયેલ આઠ યુવકોને પણ ઝડપી લીધા હતા. જોકે તમામ યુવકોને ડ્રગ્સના રવાડે વધુ ન ચડે તે માટે માતા-પિતાને સોંપવામાં આવ્યા હતા. આ બંને યુવાનો જૂનાગઢના યુવાનોને મેફેડ્રોન ડ્રગ્સની પડીકી બનાવી વહેંચતા હતા. ૧ ગ્રામ ડ્રગ્સની પડીકીના રૂા.૨૫૦૦થી ૪૦૦૦ લેતા હતા તેવું પ્રાથમિક પુછપરછમાં ખુલ્યું છે અને જૂનાગઢમાં ડ્રગ્સ કોને કોને આપતા હતા ? કેટલા સમયથી નશાનો કારોબાર કરતા હતા ? તે દિશામાં પોલીસે વધુ તપાસ ધરી છે.

# માણાવદરમાં રકતદાન કેમ્પ યોજાયો ૧૧૯ બોટલ રકત એકઠું કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

માણાવદરમાં સ્વ. સુકાભાઈ રામભાઈ આંત્રોલીયાની તૃતિય વાર્ષિક પૂણ્યતિથી નિમીતે ઉદ્યોગપતિ બચુભાઈ આંત્રોલીયા તથા પરિવાર દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેનું ઉદઘાટન ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી તથા બચુભાઈ આંત્રોલીયા સહિતનાઓએ દિપ પ્રગટાવી કરાયું હતું. જેમાં પોરબંદરની આશા બ્લડ બેંક એન્ડ કોમ્પોનેન્ટ સેન્ટર દ્વારા પરિક્ષણ તથા રકતદાન એકઠું કરવાની કાર્યવાહી કરી હતી. રકતદાન કેમ્પમાં ૧૧૯ બોટલ રકત એકઠું કરાયું હતું.

# ઉના ટાવર ચોક ખાતે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે બાળકોને પોલિયોના ટીપા પીવડાવી શુભારંભ કર્યો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૪

ગઈકાલે પોલિયો દિવસ ૨૩ જૂન ૨૦૨૪ ના રોજ ૧ થી ૫ વર્ષના બાળકોને પાલિયાના ટીપા પીવડાવવામાં આવ્યાં હતાં. ભારત પોલિયો મુક્ત થઈ ગયેલ છે. પરંતુ હજુ પણ કેટલાંક દેશોમાંથી પોલિયો નાબૂદ ન થયો હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. ત્યારે બાળકને દર વખતે પોલિયોના ટીપા પીવડાવી, ભારતને પોલિયો મુક્ત બનાવી રાખવામાં આપનું યોગદાન સાથે ઉના ટાવર ચોક ખાતે સવારે ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે બાળકોને પોલિયોના ટીપા પીવડાવી શુભારંભ કર્યો હતો. જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી અને ઉના નગર પાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, તથા વિવિધ વિસ્તારોમાં તમામ સભ્યો અને કાર્યકર્તાઓ હાજરી આપી બાળકોને પોલિયો પિવડાવી શુભારંભ કરેલ હતો. અને ઉના અર્બન હેલ્થ સેન્ટરના અધિકારી કર્મચારીનો સ્ટાફ પણ હાજર રહ્યા હતા.

# લોઢવામાં પોલિયો દિવસની ઉજવણી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૪

લોઢવા ગામે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયો ના ટીપા પીવડાવા ના દિવસ નીમતે લોઢવાં પે. શાળા ના બુથ એ લોઢવાં જી. પંચાયત ના સદસ્ય શ્રીમતિ જયાબેન જાદવભાઈ ભોળાએ હાજરી આપી બાળકોને પોલિયોના ટીપા પીવડાવેલ આ પ્રસંગ આરોગ્યના કર્માચારી સહિત હાજર રહેલ.

# ઉનાના ગાંગડા ગામ નજીક બાઈક ડીવાઈડર સાથે અથડાતા એકનું મોત

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨૪

ઊના ભાવનગર નેશનલ હાઈવે રોડ ઉપર અકસ્માત ના બનાવો ખુબ વધી ગયા છે જેમાં ઊના થી જાફરાબાદ જતા ગોપાલ ભાઈ અશોક ભાઈ બારીયા રે. જાફરાબાદ અને મિલન ભાઈ રામજીભાઈ બાંભણિયા રે. જાફરાબાદ વાળા મોટર સાયકલ ડબલ સવારી મા જાફરાબાદ જતા હતા ત્યારે ગાંગડા ગામ પાસે ચામુંડા હોટલ સામે પહોંચેલ ત્યારે મોટર સાયકલ ના હેન્ડલ ઉપરથી કાબૂ ગુમાવતા મોટર સાયકલ ફોરલેન રોડ ના ડિવાઈડર સાથે ભટકાતા રોડ ઉપર પડી ગયા હતા જેમાં એક યુવાનનું ઘટના સ્થળે મોત થયું હતું અને બીજા યુવાન ને ઊના હોસ્પિટલે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું તેમના પરિવાર ને જાણ કરતા ઊના દોડી આવીયા હતા.

# કોડીનારના ધારાસભ્યના હસ્તે પોલીયો નાબૂદી અભિયાનનો પ્રારંભ

(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૨૪

પોલીયો નાબૂદી અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં બાળકોને પોલીયોની રસીના બે ટીપાં પીવડાવી ભારતને પોલીયોમુકત બનાવવા માટે ત્રણ દિવસ આ અભિયાન શરૂ થયેલ છે. જે અંતર્ગત કોડીનારના ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમનભાઈ વાઝાના હસ્તે કોડીનાર શહેરના ગાયત્રી મંદિર ખાતેના બુથ ઊપર તાલુકા હેલ્થ ઓફીસર ડૉ. એમ. આર. પઢિયાર સાહેબની દિકરી વૃતિકાને પોલીયોના બે ટીપાં પીવડાવી આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુભાષભાઈ



ડોડીયા ચેરમેન માર્કેટીંગ યાર્ડ કોડીનાર ડૉ જે આર દાહીમા આરબીએસકે એમઓ ડૉ. સંજયભાઈ ગોહિલ નોડલ સીએચઓ ગીર સોમનાથ ઊપસ્થિત રહ્યા હતાં. આ ત્રણ દિવસ દરમિયાન કોડીનાર તાલુકાના બાવીસ હજાર એકસો હેસી બાળકોને એકસો અઠ્ઠાવીસ બુથ તથા આરોગ્ય કર્મચારીઓ આશા આંગણવાડી વર્કરોની બસો બેતાલીસ ટીમ દ્વારા રસીકરણ કરવામાં આવશે. ત્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા લોકોને પણ સહયોગ આપવા તાલુકા હેલ્થ ઓફીસર ડૉ એમ આર પઢિયારે જણાવ્યું છે.


### આખરે જૂનાગઢ શહેર-જીલ્લામાં મેઘરાજાનું ધમાકેદાર આગમન : કાળઝાળ ગરમીમાંથી લોકોને રાહત મળી

# જૂનાગઢ મનપાનાં નઘરોળ તંત્રની પોલ વધુ એકવાર ખુલ્લી : વરસાદમાં અનેક વાહનો ફસાયા : સંખ્યાબંધ લોકો ઈજાગ્રસ્ત

## ગીરનાર પર ૪ ઈંચ વરસાદ : જૂનાગઢ શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા : મેંદરડાનાં મીઠાપુરની મધુવંતી નદીમાં ખેડૂત તણાયો













(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા. ૨૪

આખરે કાળઝાળ ગરમીથી જૂનાગઢવાસીઓને રાહત મળી ગઈ છે. અસહય ગરમીમાં ત્રાહીમામ પોકારાવ્યા બાદ મેઘરાજાએ સોરઠ પર અમીદ્રષ્ટી કરતાં ગઈકાલે સાંજે ૪.૧૫ કલાકનાં અરસામાં મેઘરાજાનું આગમન થયું હતું અને જોતજોતામાં મેઘરાજાએ ઢગલાબંધ પાણી વરસાવી દીધું હતું. ફલડ કંટ્રોલરૂમનાં આંકડા મુજબ જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૭ મીમી (સવા બે ઈંચ) વરસાદ ખાબકયો હતો. જયારે ગિરનાર પર્વત પર ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. મેઘરાજા ધોધમાર વરસતાં શહેરનાં માર્ગો પર નદીઓનાં પ્રવાહની જેમ પાણી વહેવા માંડયું હતું. અને જૂનાગઢ મનપાની હંમેશની નિષ્ફળતાનું પુનરાવર્તન થયું હતું. મનપાની પ્રિમોન્સુન કાર્યવાહી થઈ જ નથી તેમ કહી શકાય. ત્યારે પ્રથમ વરસાદે જ મનપાનાં રેઢીયાળ તંત્રની પોલ ખુલી ગઈ હતી. અને શહેરનાં માર્ગો પર ગટર વગેરે માટે ખોદાયેલા ખાડાઓમાં પાણી ભરાઈ જતાં શહેરમાં ઠેર ઠેર વાહન ચાલકોનાં ખાડામાં પડવાનાં અસંખ્ય બનાવો નોંધાયા હતાં. અને સંખ્યાબંધ લોકોને ઈજા થઈ હતી. ગઈકાલે ૪.૩૦ કલાક બાદ જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં ઈજાગ્રસ્તોની લાઈન લાગી ગઈ હતી. જૂનાગઢનાં જેલ રોડ પરનાં ખાડાઓ જીવલેણ પુરવાર થશે તેની સાબીતી આપતી ઘટનાઓ પણ બની હતી. જેમાં વરસાદ શરૂ થવાની સાથે જ જેલ રોડ પર ફોરવ્હીલ ફસાઈ ગઈ હતી. તેમજ શહેરનાં વિવિધ વિસ્તારોમાં પણ આ પ્રકારની અનેક ઘટનાઓ બની હતી. અને સંખ્યાબંધ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. અત્રે પ્રસ્તુત તસ્વીરો તેની સાબીતી આપે છે. ગટર માટે ખોદેલા ખાડાઓમાં પાણી ભરાઈ જવાનાં કારણે આ ખાડાઓ રાહદારીઓ અને વાહન ચાલકો માટે ખુબ જ ભયજનક પુરવાર થઈ રહયા છે. અને હજુ પણ આ ખાડાઓ પુરવાની કાર્યવાહી થઈ રહી નથી. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકે ગત સપ્તાહે જ આ અંગે ચેતવણી આપતો અહેવાલ પ્રસિધ્ધ કર્યો હતો. પરંતુ મનપાનાં બહેરા કાને કંઈ સંભળાતું નથી. હજુ તો પહેલા વરસાદનો પહેલો રાઉન્ડ શરૂ થયો છે. ત્યાં જ જો આ હાલત હોય તો હજુ તો આખુ ચોમાસુ બાકી છે ત્યારે કેવી સ્થિતિ સર્જાશે તેવી કલ્પના માત્રથી જૂનાગઢવાસીઓમાં ભયનું લખલખુ પસાર થઈ જાય છે.

જૂનાગઢ શહેરમાં હજુ તો વરસાદની શરૂઆત જ થઈ હતી ત્યાં મધુરમ, મોતીબાગ, ટીંબાવાડી, ઝાંઝરડા રોડ, દીપાંજલી, દાતાર રોડ, જોષીપરા, ભવનાથ, દોલતપરા, ઝાંઝરડા રોડનો અન્ડર બ્રીજ, અગ્રાવત ચોકનો અન્ડર બ્રીજમાં પાણી ભરાયા હતાં. જયારે રેલ્વે સ્ટેશનમાં પાણી ભરાઈ જતાં વાહનોને એક સાઈડમાં જ નીકળવું પડતું હતું. મનપા દ્વારા પ્રી-મોન્સુનની કાર્યવાહી માત્ર કાગળ પર કરવામાં આવી છે. તંત્રનાં પાપે સર્વત્ર પાણી ભરાઈ જવાનાં બનાવો બન્યા હતાં. ઝાંઝરડા રોડનાં દીપાલી પાર્ક-૧માં કાર ફસાઈ હતી. તેમજ જેલ રોડ પર ખાડામાં કાર ફસાઈ હતી. જયારે મધુરમની શ્રીનાથજી વીલા સોસાયટી, નક્ષત્ર બંગલા સહીતનાં વિસ્તારોમાં લોકોનાં ઘરમાં ગટર અને વરસાદી પાણી ઘુસી જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં લાઈટ ગુલ થઈ જતાં પીજીવીસીએલની પ્રીમોન્સુન કામગીરી સામે પણ પ્રશ્નાર્થ ઉભા થયા હતાં. ખરા સમયે જ પીજીવીસીએલનાં ફોલ્ટ સેન્ટરનાં ફોન બંધ રહેતા લોકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. ગઈકાલે જૂનાગઢ સહીત સોરઠમાં મીની વાવાઝોડું ફુંકાયું હોય તેવા દ્રશ્યો જોવા મળતા હતાં. પ્રાપ્ત વિગત મુજબ સૌથી વધુ મેંદરડાનાં મીઠાપુરમાં પાંચ ઈંચ, ગિરનાર પર ૪ ઈંચ તેમજ જૂનાગઢ, તાલાળા, વંથલી, વિસાવદરમાં બે ઈંચ, સાવરકુંડલામાં પોણો ઈંચ, લાઠીમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. મેંદરડાનાં મીઠાપુર ગામમાં તો બે કલાકમાં જ પાંચ ઈંચ વરસાદ પડતા ગામની મધુવંતી નદીમાં પુર આવતાં મીઠાપુરનાં ખેડૂત હીરાભાઈ કુંભાણી (ઉ.વ. ૫૫) તણાઈ જતાં કેશોદ ફાયર બ્રીગેડ દ્વારા શોધખોળ હાથ ધરાઈ હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સી. સી. પડદાવાળા
● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ